


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 215 | AD-2022, Vaishakh Sud-8, Monday, Dt. 09-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બંગાળની ખાડીમાં ઉદભવેલું ચક્રવાત ૧૧૧ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે આગળ વધે તેવી ધારણા

# 'આસાની' ચક્રવાતી તોફાન વધુ તીવ્ર બને તેવી શક્યતા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

બંગાળની ખાડીમાં આવેલું તોફાન આજે રવિવારે ચક્રવાતમાં પરિણમ્યું હતું, જેની ઝડપ ૭૫ કિલોમીટર પ્રતિ કલાકથી વધુ રહી હતી. હવામાન વિભાગે કહ્યું છે કે 'આસાની' નામનું ચક્રવાતી તોફાન આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. જો કે, દરિયાકાંઠાના વિસ્તારને અથડાયા વિના ચક્રવાત આવતા સપ્તાહ સુધીમાં નબળું પડી શકે છે. હવામાન કચેરીએ જણાવ્યું કે ચક્રવાતની અસરને કારણે ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે ભારે પવન અને વરસાદની સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગે રવિવારે જારી કરેલા બુલેટિનમાં જણાવ્યું હતું કે વાવાઝોડું ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી શકે છે અને આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાતી તોફાન વધુ તીવ્ર બની શકે છે. આઈએમડી દ્વારા ચક્રવાતની આગાહી મુજબ, ચક્રવાત ૧૦



મેની સાંજ સુધીમાં ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની અને ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે પશ્ચિમ-મધ્ય અને બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ કિનારે પહોંચવાની સંભાવના છે. ત્યારપછી, તે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ વળે અને ઓડિશાના કિનારે ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પ્રદેશ તરફ આગળ વધે તેવી શક્યતા છે.

આઈએમડી અનુસાર, ચક્રવાત સોમવારે બંગાળની ખાડીમાં ૧૧૧ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધવાની ધારણા છે. ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા તરફ આગળ વધવા સાથે મંગળવારથી ગંભીર ચક્રવાતી તોફાન ધીમે ધીમે નબળું પડવાની ધારણા છે. આઈએમડીએ જણાવ્યું કે મંગળવારથી ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓ અને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા સહિત રાજ્યના દક્ષિણ ભાગમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓડિશાના દરિયાકાંઠે દરિયાની સ્થિતિ ૯ મેના રોજ ખરબચડી અને ૧૦ મેના રોજ ખૂબ જ ખરબચડી બની જશે. ૧૦ મેના રોજ દરિયામાં પવનની ઝડપ વધીને ૮૦ થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાક થવાની સંભાવના છે. હવામાન વિભાગના કાર્યાલયના જણાવ્યા અનુસાર ચક્રવાતી તોફાનનું નામ 'આસાની' રાખવામાં આવ્યું છે, જે 'ક્રોધ' માટે સિંહલી શબ્દ છે. આ તોફાન આંદામાન ટાપુઓમાં પોર્ટ બ્લેરથી ૩૮૦ કિમી પશ્ચિમમાં બંગાળની ખાડીના દક્ષિણપૂર્વ વિસ્તારમાં કેન્દ્રિત છે.



























સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

૦૨

સોમવાર, તા.૦૯-૦૫-૨૦૨૨

### ક્વોરી ઇન્ડસ્ટ્રીઝની હડતાલથી ૩૦૦૦ કરતાં વધારે લોકોની રોજગારીને અસર

# અમરેલી જિલ્લામાં બાંધકામ ઉદ્યોગને ફટકો

### કાંકરી બંધ થઈ જતા સરકારી કામોને પણ અસર, સરકારની નીતિ સામે ઉદ્યોગકારોમાં આક્રોશ





#### મકાન બની ગયા પરંતુ સ્લેબ ભરવાનું કામ અટકી પડયુ

કોરોના બાદ ધંધા-રોજગાર ખુલતા બાંધકામના વ્યવસાયમાં પણ તેજી દેખાઈ રહી છે. મકાન બાંધકામનો વ્યવસાય પણ ફુલ્યોફાલ્યો હતો. લોકો ઘરનું ઘર બનાવવા માટે તેજી દેખાડી રહ્યાં હતા. અનેક મકાનોના સ્લેબકામ સુધી બાંધકામ થઈ ગયા છે પરંતુ હવે બ્લેક સ્ટોન ક્વોરીના ઉદ્યોગકારો સરકાર સામે બાંયો ચડાવી હડતાલ પર ઉતરી ગયા છે તેથી કાંકરી મળવી મુશ્કેલ થઈ પડી છે. જેના લીધે મકાનના કામ સ્લેબ સુધી પહોંચી ગયા છે પરંતુ કાંકરીના અભાવે સ્લેબ ભરવાના કામ અટકી પડયા છે.

#### અમરેલી જિલ્લામાં ભુરખીયાની કાંકરીની વધુ માંગ

અમરેલી જિલ્લામાં મોટાભાગે સરકારી કામમાં ભુરખીયાની કાંકરીની વધુ માંગ રહેતી હોય છે. ભુરખીયાનો પથ્થર મજબૂત આવતો હોય તેમજ તેમની કાંકરીનું પિલાણ પણ સારૂ હોવાથી અમરેલી જિલ્લામાં અંદાજે દરરોજ ભુરખીયાથી ૫૦૦ ટન કરતા વધારે કાંકરી અન્ય શહેરોમાં વપરાતી હોય છે. ફક્ત ભુરખીયામાં જ ૧૦ કરતા વધારે સ્ટોન ફેક્ટરી આવેલી છે પરંતુ હડતાલને કારણે હાલ આ ઉદ્યોગ બંધ પડયો છે. જેની અસર અમરેલી જિલ્લામાં થઈ રહી છે.

**(મયુર પંડયા)**

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લામાં બ્લેકસ્ટોન કવોરી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ફરીથી હડતાલ કરવામાં આવી છે. અગાઉ અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ નિવેડો આવ્યો ના હોવાથી તા. ૧થી અચોક્કસ મુદતની હડતાલ શરુ કરાઈ છે. આજે સાત દિવસ થયા હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. નીંભર તંત્ર રોજનું પેટીયું રળવાવાળાનું પણ વિચારતું નથી. આ હડતાલમાં અમરેલી જિલ્લાની ૫૦ કરતા વધારે કવોરી ઉદ્યોગની ફેકટરીઓ પણ જોડાઈ છે જેથી ૩૦૦૦ કરતા વધારે લોકોની રોજગારીને સીધી અસર થશે. અમરેલી જિલ્લામાં કવોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ અનેક એકમો બંધ કરવામાં આવ્યા છે અને રાજ્યવ્યાપી હડતાલમાં તેઓ જોડાયા હોવાથી ૩૦૦૦ લોકોની રોજગારીને સીધી અસર થશે અને રોયલ્ટી તેમજ ટેક્ષ સહિતની સરકારને મળતી પ્રતિદિન લાખોની આવક પણ અટકી જશે. ગુજરાત બ્લેકસ્ટોન કવોરી ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા સરકાર સમક્ષ પાંચ વર્ષ અગાઉ પડતર માંગણીઓ અંગે હડતાલ કરવામાં આવી હતી અને સરકારની ખાતરી બાદ આંદોલન સમેટાયું હતું જોકે એકપણ પ્રશ્ન ઉકેલાયો ના હોવાથી તા. ૧ મે થી સમગ્ર રાજ્યમાં કવોરી ઉદ્યોગ બંધ કરવામાં આવ્યો છે. કવોરી ઉદ્યોગની સાત માંગણીઓ જેમાં ખાડા માપણી, ખાનગી માલિકીની જમીનમાં કવોરી લીઝ હરાજી વગર આપવી, કવોરી ઝોન ડીકલેર કરવા, ઈ.સી. અને માઈનીંગ પ્લાન ગૌણ ખનીજમાં નહિ હોવા, ખાણ ખનીજ અને આરટીઓ જોડાણ અલગ કરવા, ખનીજ કિંમત રૂ. ૩૫૦ છે તે ખોટું છે ખરેખર રૂ.૫૦ જ થાય છે તેમાં ફેરફાર કરવા, મશીન સેન્ડને સરકારી કામોમાં વાપરવા ફરજીયાત કરવા સહિતની સાત માંગણીઓ કરવામાં આવી છે અને માંગ ના સંતોષાય ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ ચાલુ રહેશે.

કવોરી ઉદ્યોગ બંધ રહેતા ઉદ્યોગ સાથે જોડાયેલા અમરેલી જિલ્લાના હજારો કામદારોને અસર થશે તે ઉપરાંત માલનું પરિવહન અટકી જતા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને અસર થશે. એટલું જ નહિ બાંધકામ અને રીકાર્પેટ થતા રોડ રસ્તાના કામોને પણ વિપરીત અસર જોવા મળશે. જોકે ઉદ્યોગકારો પોતાની માંગણીને લઈને અડગ છે અને માંગ ના સંતોષાય તો હડતાલ ખતમ કરવાના મૂડમાં હાલ ઉદ્યોગકારો જોવા મળતા નથી.

#### સરકારી કામોને પણ અસર

રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો શરૂ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લાના અનેક શહેરોમાં સીસીરોડ માટે રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે. પરંતુ કાંકરી ન મળતા હવે આ કામો અટકી ગયા છે. સીસીરોડ બંધ થયા હોવાથી કોન્ટ્રાકટરોને મજૂરોને બેઠાબેઠા પગાર આપવો પડે તેવી સ્થિતિ છે. તો રસ્તાઓ ખોદી નાખ્યા પછી કામ શરૂ ન થતા વિસ્તારવાસીઓ પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે

# અમરેલી જિલ્લા જેલમાં ફરી છીંડા : મોબાઈલ, ચાર્જર મળ્યા

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લા જેલમાં ફરી એકવાર છીંડા બહાર આવ્યા છે. જિલ્લા જેલમાં ભૂતકાળમાં પાન-માવા, મોબાઈલ તેમજ સુવિધાયુકત સાધનો મળી આવતા જેલની સુરક્ષા બાબતે અનેકવાર સવાલો ઉભા થયા છે. જિલ્લા જેલમાં તપાસ દરમિયાન મોબાઈલ, ચાર્જર જેવી વસ્તુઓ મળવી હવે જાણે સામાન્ય બાબત બની જવા પામી છે. આ પહેલા તત્કાલિન જેલ અધિકારી કેદીઓને સગવડ આપવાના કેસમાં સસ્પેન્ડ થઈ ચુકયા છે ત્યારે હજુપણ કેદીઓને સુવિધા કોણ આપી રહ્યુ છે તેવા સવાલો ઉભા થયા છે. જેમાં જિલ્લા જેલમાં ચેકિંગ દરમિયાન કાચા કામના કેદી પાસેથી મોબાઈલનું ચાર્જર, મોબાઈલ ફોન, બેટરી, એસેમ્બલ ચાર્જર મળી આવતા જેલ અધિકારીઓ ચોંકી ઉઠયા હતા. આ બાબતની ગંભીરતા લઈ ઈન્ચાર્જ જેલર અર્જુનસિંહ પરમારે મહેશ શંભુ ઉનાવા, નિશાંત નિહાલ ભુરાણી અને નિહાલ ગુલામઅબ્બાસ ભુરાણી સામે અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની તપાસ અમરેલી સિટી પીએસઆઈ જે.એમ. દવે ચલાવી રહ્યા છે.

# બગસરા અમરેલી માર્ગનું કામ પૂર્ણ થતા વાહનચાલકોને રાહત

અમરેલી,તા.૮



બગસરાથી અમરેલી જવા માટે એસ્સાર પંપ પાસે છેલ્લા ઘણા સમયથી માર્ગ પર મસમોટા ખાડાઓ હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં હતા ત્યારે આ માર્ગનું કામ શરૂ કરવામાં આવતા વાહનચાલકોને રાહત થઈ હતી. આ માર્ગ અમરેલી જવા માટેનો મુખ્ય માર્ગ હોવાથી મોટી સંખ્યામાં વાહનો આ માર્ગ પરથી પસાર થતા હતા પરંતુ બિસ્માર રસ્તાને કારણે વાહનચાલકો પણ ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવ્યું હોવાથી હવે વાહનચાલકોને ખખડધજ રસ્તામાંથી રાહત મળી છે.

# બગસરામાં બાલભવન ખાતે ગ્રીષ્મ બાળ સર્જન શિબિર યોજાઈ

બગસરા,તા.૮

બાળ કેળવણી મંદિર બગસરા સંચાલિત બાલભવન ખાતે તા.૨૯/૦૪/૨૨ થી તા.૦૬/૦૫/૨૨ સુધી ગ્રીષ્મ બાળ સર્જન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ગ્રીષ્મ શિબિરમાં બગસરા શહેર અને બાબાપુર સંસ્થાના ૧૨૫ થી વધારે બાળકોને ૧૮ જેટલા અલગ અલગ તજજ્ઞો દ્વારા વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓ શીખડાવવામાં આવી હતી. રાજકોટ, ભાવનગર, લોકભારતી સણોસરા, વડોદરા વગેરે જગ્યાએથી અનુભવી અને અભ્યાસુ શિક્ષણપ્રેમી તજજ્ઞો દ્વારા બાળગીતો, બાળવાર્તા, બાળ રમતો, ગણિત વિજ્ઞાનના મોડેલ્સ બનાવવા, વેસ્ટમાંથી બેસ્ટ, ક્રાફ્ટ એકટીવીટી, પપેટ શો વગેરે પ્રવૃતિ દ્વારા બાળકો પોતાનું અસલી બાળપણ માણી શકે તેનું વાતાવરણ ઉભુ કરવામાં આવ્યુ હતું.

# અમરેલીના હનુમાનપરામાં જાહેરમાં જુગાર રમતા ૪ને ઝડપી પાડતી પોલીસ

### પોલીસે રૂા.૪૫૫૦ની રોકડ જપ્ત કરી ગુનો નોંધ્યો

અમરેલી,તા.૮

અમરેલીમાં જુગારીઓને પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ જાહેરમાં જુગાર રમી રહ્યાં છે.

પોલીસની કડક કાર્યવાહી છતાં જુગારીઓ બેરોકટોક જાહેરમાં જુગાર રમી રહ્યાં છે. જેમાં અમરેલીના હનુમાનપરા શેરી નં.૬માં આવેલા ખુલ્લા પ્લોટમાં જુગારીઓ જાહેરમાં જુગાર રમતા હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે ઘટનાસ્થળે રેઈડ કરતા જાહેરમાં તીનપત્તીનો જુગાર રમી રહેલા ધર્મેશ મનસુખ ચૌહાણ, અશ્વિન ધીરૂ મોલડીયા, મુકેશ રવજી મકવાણા અને જગદીશ હસમુખ માંડવીયા રહે. તમામ અમરેલીવાળાઓને ઝડપી તેમની પાસેથી રોકડ રકમ રૂા.૪૫૫૦ જપ્ત કરી પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# બગસરા શહેરમાં દારૂની બે બોટલ સાથે શખ્સ ઝડપાયો

અમરેલી,તા.૮

બગસરામાં હવે દેશી દારૂની સાથે વિદેશી દારૂનું પણ વેચાણ વધ્યુ હોય તેમ લાગી રહ્યુ છે. દેશી દારૂ બનાવનાર સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે ત્યારે હવે વિદેશી દારૂની ડિલિવરી કરનારા શખ્સો સામે પોલીસે ધોંસ બોલાવી છે. જેમાં બગસરાના અમરપરા વિસ્તારમાં રહેતા પંકજ બાલાભાઈ કટેશીયા નામનો શખ્સ મેઘાણી હાઈસ્કૂલ પાસેના ખુલ્લા મેદાનમાં દારૂની બોટલ સાથે ઉભો હોય તેવી પોલીસને બાતમી મળી હતી જેથી પોલીસે ખાનગી રાહે તપાસ કરતા મેદાનમાં ઉભેલા શખ્સની તલાશી લેતા કાળા કલરની થેલીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ નિકળતા પોલીસે આ શખ્સ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર

ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦



ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત

કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ

પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# સા.કુંડલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠન સંમેલન યોજાયું

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલા લોહાણા બોર્ડિંગ ખાતે સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠન સંમેલન યોજાયું હતું. જેમાં આગેવાનો-કાર્યકરો દ્વારા જુસ્સા સાથે પ્રવર્તમાન રાજકીય સ્થિતિની સમીક્ષા કરી આકરી ભાષામાં સરકારની નીતિરીતિઓ સામે રોષ ઠાલવ્યો હતો અને કોંગ્રેસ પક્ષને મજબૂત બનાવી, લોકપ્રશ્નો



હલ કરવા કમર કસવા નિર્ણય કર્યો હતો. આ તકે સ્વ.નવીનચંદ્રભાઈ રવાણીને ઉપસ્થિત તમામ કાર્યકરોએ બે મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી તેમણે ચિંધેલા માર્ગ પર ચાલી સમાજસેવાનો પંથ કંડારવાનો સંકલ્પ કરાયો હતો. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ બગડા, હસુભાઈ સૂચક સહિતના કોંગી કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યા હતા.

# ચલાલા પાસે આવેલા નાગ્રધા ગામે રેતી ચોરી કરતા ચાર શખ્સો ઝડપાયા

## પોલીસે જેસીબી ટ્રેક્ટર-ટ્રોલી સહિત રૂ.૧૪.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ચલાલા પાસે આવેલા નાગ્રધા ગામે રેતી ચોરી કરવાની કોશિષ કરવા બદલ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી રૂા.૧૪.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અમરેલી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી છતાં રેતીચોરો પોલીસને જાણે ખુલ્લો પડકાર ફેંકતા હોય તેમ બેફામ રેતી ચોરી કરી રહ્યા છે. જેમાં નાગ્રધા ગામે નદીના પટ્ટમાં રેતી ચોરી થતી હોવાની પોલીસને માહિતી મળતા પોલીસે બાતમીના આધારે ઘટનાસ્થળે તપાસ કરતા રેતી ચોરી માટે ઉપયોગમાં લેવાતા જેસીબી કિ.રૂ.૫ લાખ, ત્રણ ટ્રેક્ટર-ટ્રોલી સહિત પોલીસે રૂા.૧૪.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે નદીના પટ્ટમાંથી રેતી ચોરી કરતા રાજુ હાંકભાઈ સાકરીયા, રહે. મંગળકૂઈ જિ.સુરેન્દ્રનગર, અનવર મહેબૂબ બ્લોચ રહે.ધારગણી, ગોરધનભાઈ રોજસરા રહે. ગુંદાળા, તા.જસદણ અને વિપુલ વિહાભાઈ ધરાજીયા રહે. નાની ચોરમલ જી. સુરેન્દ્રનગરવાળાની ધરપકડ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલા ગાયત્રી શક્તિપીઠ ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન-સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

રાજુલા, તા.૮

રાજુલા ગાયત્રી શક્તિપીઠ ખાતે ગુજરાત પીપાવાવ પોર્ટ લિ., અંધત્વ નિવારણ સમિતિ, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય-અમરેલીના સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન, મોતિયાના ઓપરેશન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ નેત્ર નિદાન કેમ્પનો ૨૦૫ દર્દીઓએ લાભ લીધો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

જેમાં ૬૦ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરીયાત જણાતા આ તમામને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. તથા સર્વરોગ નિદાન કેમ્પમાં સ્ત્રીરોગ નિષ્ણાંત, હોમિયોપેથિક સહિતના ડોક્ટરોએ સેવા આપી હતી. જેનો પણ દર્દીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

# રાજુલામાંથી ૧૨ વિદેશી દારૂની બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

અમરેલી,તા.૮



રાજુલામાંથી ધીરૂ નાનજી જોગદીયાવાળા પાસેથી દારૂની ૭૫૦ મી.લી. બોટલ નં.૧૨ કિ.રૂ.૪૨૦૦ ઝડપી પાડવામાં આવી હતી. આ દારૂ ક્યાંથી આવ્યો હતો અને કોને આપવાનો હતો તે દિશામાં પોલીસ તપાસ ચલાવી રહી છે. હેડ કોન્સ્ટેબલ બી. એમ.વાળા આ ઘટનાની તપાસ ચલાવી રહ્યાં છે.

# વચગાળાના જામીન પરથી ફરાર થયેલ ખૂનના આરોપીને પકડી પાડતી અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ

અમરેલી તા.૮

ખાંભા તાલુકા મોટા સમઢીયાળા ગામે ખૂન કરનાર રણજીત ધીરૂભાઈ વાળા નામનો શખ્સ અમરેલી જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો. ત્યારે આ કેદીને વચગાળાના જામીન મળ્યા બાદ જિલ્લા જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો. જેથી અમરેલી



પેરોલ ફર્લો સ્કવોર્ડના પીએસઆઈ પી.પી. લક્કડની ટીમને ચોક્કસ બાતમી મળતાં કેદીને નાનીધારીથી પકડી પાડવામાં આવ્યો હતો.

# જાફરાબાદના વઢેરા નજીક વરૂડી માતાના મંદિર ખાતે બારમો તિથિ મહોત્સવ ઉજવાયો

જાફરાબાદ, તા.૮

જાફરાબાદ તાલુકાના વઢેરા નજીક દરિયા કિનારે આવેલ વરૂડી માતાના મંદિર ખાતે સમસ્ત ગ્રામજનો અને વાઘેલા પરિવાર દ્વારા બારમા તિથિ મહોત્સવની ઉજવણી અને ૧૨૧ કુંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં રાજુલા-જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય



તસવીર : બાબુભાઈ વાઢેળ

અંબરીશભાઈ ડેરે હાજરી આપી અને ગામના આગેવાનો સાથે વરૂડી માતાજીના દર્શન કર્યા હતા. આ સાથે ગામના આગેવાનો દ્વારા ધારાસભ્ય ડેરને વઢેરા ગામથી વરૂડી માતાજીના મંદિર સુધી નવો રસ્તો બનાવવા માટે રજૂઆત કરતા ધારાસભ્ય ડેરે સત્વરે રસ્તાની કામગીરી અંગે ખાત્રી આપી હતી. આ તકે માજી સંસદીય સચિવ હિરાભાઈ સોલંકી પણ યજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા. વઢેરા ગામના તમામ આગેવાનોએ યજ્ઞમાં સારી સેવા આપી હતી.

# મારામારીના ગુનામાં નાસતા ફરતા ત્રણને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

અમરેલી તા.૮

અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા જિલ્લામાં ગુનાઓ આચરી નાસતા ફરતાં આરોપીને પકડી પાડવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પી.આઈ. આર.કે. કરમટા, પી.એસ.આઈ પી.એન. મોરીની રાહબરી નીચે



એલ.સી.બી.ની ટીમ વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે વંડા પોલીસ સ્ટેશનમાં ખૂનની કોશિશ અને મારામારીના ગુનામાં નાસતા ફરતા અલીભાઈ ઈસ્માઈલભાઈ દલ, અમીનભાઈ અલીભાઈ દલ અને અહમદભાઈ અલીભાઈ દલ રહે. કેદારીયા, તા. સાવરકુંડલાવાળાઓ કેદારીયા ગામના બસ સ્ટેશન પાસે હાજર હોય ત્યારે પોલીસે તેઓને પકડી વંડા પોલીસ સ્ટેશનમાં સોંપી આપ્યા હતાં.




**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર એડી. જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં-કોડીનાર**

ફો.પ.અ.નં-/૧૦૫/૨૦૨૨
મુ.તા.૨૬/૦૫/૨૦૨૨

માનુબેન ગોવિંદભાઈ વાળા,
રહે.રાખેજ, તા.સુત્રાપાડા. ......અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ તલાટી મંત્રી શ્રી, અડવી ગ્રામ પંચાયત,
કોડીનાર ......સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદારના માતા વલુબેન ગોવિંદભાઈ વાળા મરણ તા.૦૧/૧૧/૧૯૮૩ ના રોજ નું મરણ અડવી ગામે થયેલ છે. જે અંગેની નોંધ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મું. તા.૨૬/૦૫/૨૦૨૨ નાં રોજ સવારનાં ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭મી માહે ૦૫ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યુ.

તૈયાર કરનાર સહી,
આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

હુકમથી સહી,
રજીસ્ટ્રાર
જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ
કોડીનાર









# ચલાલામાં મકાનમાંથી રૂ. ૩.૬૭ લાખના ઘરેણાની ચોરી કરનારને ઝડપી પાડતી પોલીસ

અમરેલી,તા.૮

ધારી તાલુકાના ચલાલા ગામે તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી ગેરકાયદે પ્રવેશ કરી સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે આ બાબતે ફરિયાદ નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ ધારીના ચલાલા ગામે મારૂતિ સોસાયટી વિભાગ-૧માં રહેતા પ્રફુલભાઈ વલ્લભભાઈ જીકાદ્રા પોતાના પરિવાર સાથે લાઠીના કેરાળા ગામે ચાલી રહેલી ભાગવત સપ્તાહ સાંભળવા ગત તા.પના રોજ ગયા હતા.



ભાગવત સપ્તાહ સાંભળી પરિવાર રાત્રીના સમયે ઘરે પહોચ્યો તે પહેલા અજાણ્યા તસ્કરે રહેણાંક મકાનની વંડી ઠેકી ગ્રીલમાં મારેલુ તાળુ તોડી પ્રથમ રૂમમાં રાખેલા કબાટમાંથી સોનાનો હાર-૧, સોનાની એક જોડી બુટી તથા ત્રણ સોનાના ચેન, બે પેડલ તેમજ સોનાની વિંટી કિં.રૂ.૩.૬૭ લાખની ચોરી કરી નાસી જતા ફરિયાદીએ અજાણ્યા ઈસમો સામે ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગણતરીના કલાકોમાં જ વિશાલ વલ્લભ ગોંડલીયા રહે. ધામેલ ગામવાળાને ઝડપી પાડી મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# કડાયા ગામે સિંહનો ભોગ બનનાર બાળકીના પરિવારને રૂા. પાંચ લાખની સહાય અપાઇ

## ચેક અર્પણ સમયે સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં

અમરેલી,તા.૮



બગસરા તાલુકાના કડાયા ગામે પાંચ વર્ષની બાળકીને સિંહે ફાડી ખાતા નાના એવા ગામમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. આ ઘટનાની જાણ થતા વનવિભાગ પણ દોડી ગયો હતો અને બાળકીને ફાડી ખાનાર સિંહને ગણતરીના કલાકોમાં જ પાંજરે પૂર્યો હતો. આ બાબતે વનવિભાગ દ્વારા તાત્કાલિક ભોગ બનનાર બાળકીના પરિવારને વનવિભાગે જરૂરી કાર્યવાહી કરી રૂા.પાંચ લાખનો ચેક અર્પણ કર્યો હતો. ચેક અર્પણ સમયે ધીરૂભાઈ માયાણી, રમેશભાઈ સતાસીયા, બાબુભાઈ કાનાણી, રાજદીપભાઈ ધાધલ, સરપંચ અશ્વિનભાઈ, વાડી માલિક સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

# નવા ગીરીયા ગામે ગેરકાયદે મકાનમાં પ્રવેશ કરતા ફરિયાદ

## મકાનને સીલ માર્યુ હોવા છતાં ઈસમે તેને તોડી પ્રવેશ કર્યો

અમરેલી,તા.૮

અમરેલી તાલુકાના નવા ગીરીયા ગામે કલેકટર અને મામલતદારના હુકમથી મકાનને સીલ માર્યા બાદ આ મકાનનું સીલ તોડી ગેરકાયદે પ્રવેશ કરવા બદલ ફરિયાદ નોંધવામાં આવી છે. અમરેલીના નવા ગીરીયા ગામે ફરિયાદી રત્નેશભાઈ ત્રિવેદી હાઉસીંગ ફાયનાન્સ મેનેજર ગુજરાત હેડ રહે. અમદાવાદએ ફરિયાદ નોંધાવી છે કે આ કામના તહોમતદાર અશ્વિનભાઈ વાઘાભાઈ ચાવડાએ ફાયનાન્સમાંથી મકાનની લોન લીધેલ હોવાથી લોનના હપ્તા ભરેલ નહી હોવાથી કલેકટર અને મામલતદારે આરોપીના મકાનનો કબજો ફાયનાન્સ કંપનીને સોંપ્યો હતો અને મકાનને તાળુ મારી સીલ મારવામાં આવ્યુ હતું.

જે સીલ અને તાળુ આરોપીએ તોડી મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરતા કલેકટરના હુકમનો અનાદર કરવા બદલ ફરિયાદીએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના દોલતી ગામે સગીરાને ભગાડી જતા ફરિયાદ

## ભુપત ભનુ પીલુકીયા સામે પોલીસે ગુનો નોંધ્યો

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લામાં સગીરાને ભગાડી જવાના કિસ્સા દિન-પ્રતિદિન વધતા જાય છે. નરાધમો પોતાની હવસ સંતોષવા અને લગ્નની લાલચ આપી સગીરાને પોતાનો શિકાર બનાવતા હોય છે. આવો જ એક કિસ્સો સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે બન્યો છે. જેમાં સગીરાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેના ગામમાં રહેતો ભુપત ભનુ પીલુકીયા નામનો શખ્સ તેમની સગીર વયની દીકરીને ગત તા.૩ના રોજ રાત્રિના ૧૧ કલાક બાદ લલચાવી-ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી નાસી ગયો હતો. સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ ધારી સર્કલ પીઆઈ કે.સી.રાઠવા કરી રહ્યાં છે.

# અમરેલીમાં ચાર શખ્સોએ એક સંપ કરી મહિલાને ઢીકાપાટુનો માર માર્યો

## મહિલાએ ચારેય શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી

અમરેલી તા.૮

અમરેલીના કુંકાવાવ રોડ પાસે રહેતી એક મહિલાને ૪ શખ્સોએ એક સંપ કરી ઢીકાપાટુનો માર મારતાં ભોગ બનના મહિલાએ ૪ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ સૂત્રમાંથી મળતી માહિતી મુજબ અમરેલીના કુંકાવાવ રોડ પર મસ્જિદ પાસે રહેતી મુમતાઝ યુનુસભાઇ કેરૂન નામની મહિલાને અમારી ઉપર કેસ શું કામ કર્યો છે ? તે કેસ પાછો ખેંચી લ્યો તેમ કહી જમીલાબેન ગફારભાઇ, ફરીદાબેન મજીદભાઇ, સમીરભાઇ મજીદભાઇ અને સીફાબેન સમીરભાઇ નામના શખ્સોએ ઉશ્કેરાઇ જઇ ફરિયાદી મુમતાઝબેનના વાળ પકડી થપ્પડ મારી હતી તેમજ આરોપી સીફાબેને ફરિયાદીને પડખાના ભાગે માર માર્યો હતો. તેમજ ફરીદાબેન અને સમીરભાઇએ ફરિયાદીને આડેધડ ઢીકાપાટુનો માર મારતાં ફરિયાદીએ ચારેય શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# લાઠી તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સહાય વધારવા રજૂઆત

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લામાં ગ્રામીણ લાભાર્થીઓને આવાસ માટે રૂ.૧.૨૦ લાખ જેટલી રકમ ફાળવવામાં આવે છે જેના કારણે લાભાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘરનું ઘર બનાવવા માટે ગ્રામીણ લાભાર્થીઓને માલસામાન લેવા માટે શહેરી વિસ્તારમાં જવુ પડે છે જેના કારણે વધુ પૈસાનો વ્યય થાય છે.

જેથી ગ્રામીણ લાભાર્થીઓને સહાયમાં વધારો થાય તે માટે ભાજપ અગ્રણી જનકભાઈ તળાવીયાએ ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવી રજૂઆત કરી છે.



રજૂઆતમાં વધુમાં જણાવાયુ છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજિત ૧૧૩૭ પ્રધાનમંત્રી આવાસ માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા પરંતુ હજુ તેમાંથી માત્ર ૪૦૦ જેટલા જ આવાસ મંજૂર થયા હોવાથી અન્ય લાભાર્થીઓના આવાસ તાત્કાલિક મંજૂર થાય તેવી માંગ કરવામાં આવી છે.

# જાફરાબાદમાં સામુ જોવા બાબતે ધમકી, સામસામી ફરિયાદ નોંધાઇ

અમરેલી,તા.૮

જાફરાબાદમાં સાવ સામાન્ય બાબતમાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ ફરિયાદ મુજબ ફરિયાદી ચંદુ જીતેન્દ્રભાઈ ભાલીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, ફરિયાદી અને સાહેદ મોટરસાયકલ લઈને જતા હતા ત્યારે હરેશ કરશન ભાલીયાએ હાથ ઉંચો કરી બંનેને બોલાવી સામુ શું કામ જુએ છે અને ડોળા કેમ કાઢો છો તેમ કહી ફરિયાદી અને સાહેદને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તો હરેશ કરશન ભાલીયાએ સામી ફરિયાદ નોંધાવી છે કે, ચંદુ જીતેન્દ્ર ભાલીયા અને વશરામ બાબુ સોલંકીએ કહેલ કે જમીન બાબતે કોર્ટે કરેલ રોજકામમાં સહી શું કામ કરી છે ત્યારે ફરિયાદીએ કહેલ કે રાજીખુશીથી સહી કરેલ હોય જેથી આરોપીઓને સારૂ નહી લાગતા ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે બંનેની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર એડી. જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં-કોડીનાર**

ફો.પ.અ.નં-/૧૦૪/૨૦૨૨
મુ.તા.૨૬/૦૫/૨૦૨૨

માનુબેન ગોવિંદભાઈ વાળા,W/O હમીરભાઈ વાળા
રહે.રાખેજ, તા.સુત્રાપાડા. ......અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રી શ્રી-સરખડી, તા-કોડીનાર .સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદારના પિતા ગોવિંદભાઈ ભાયાભાઈ વાળા તા.૧૫/૦૫/૧૯૬૨ ના રોજ સરખડી ગામે મરણ થયેલ છે. જે અંગેની નોંધ જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મું. તા.૨૬/૦૫/૨૦૨૨ નાં રોજ સવારનાં ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૬મી માહે ૦૫ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યુ.

તૈયાર કરનાર સહી, (એચ.કે.રાઠોડ) સુપ્રિ. | કોર્ટનો સિક્કો | હુકમથી સહી, રજીસ્ટ્રાર જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ કોડીનાર

**-જાહેર નોટીસ-**

**કોડીનારના નામદાર એડી. જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં-કોડીનાર**

ફો.પ.અ.નં-/૧૦૬/૨૦૨૨
મુ.તા.૨૬/૦૫/૨૦૨૨

માનુબેન ગોવિંદભાઈ વાળા W/O હમીરભાઈ વાળા
રહે.રાખેજ, તા.સુત્રાપાડા. ......અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રી શ્રી-અડવી, તા-કોડીનાર .સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદારના ભાઈ ગાંડાભાઈ ગોવિંદભાઈ વાળા તા.૦૪/૦૨/૧૯૮૭ ના રોજ અડવી ગામે મરણ થયેલ છે. જે અંગેની નોંધ જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મું. તા.૨૬/૦૫/૨૦૨૨ નાં રોજ સવારનાં ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૬મી માહે ૦૫ સને ૨૦૨૨ ના રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યુ.

તૈયાર કરનાર સહી, (એચ.કે.રાઠોડ) સુપ્રિ. | કોર્ટનો સિક્કો | હુકમથી સહી, રજીસ્ટ્રાર જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ કોડીનાર

# ધારીના ગોપાલગ્રામમાં જેસીબી ન આપતા ઢીકાપાટુનો માર માર્યો

અમરેલી,તા.૮

ધારી તાલુકાના ગોપાલગ્રામમાં ફરિયાદી જીતેન્દ્ર ખોડાભાઈ ગજેરાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યુ છે કે, ગામમાં જ રહેતા દિલુભાઈ બચુભાઈ વાળાને જેસીબીનું કામ કરવાનું હોય જેથી અગાઉ આરોપી દિલુભાઈએ ફરિયાદીને જેસીબી ભાડે ચલાવવાનું કહ્યુ હતું પરંતુ જેસીબી ભાડે નહી મોકલતા આરોપીએ ફરિયાદીને કહેલ કે જેસીબી કેમ મોકલતો નથી જેથી ફરિયાદીએ જણાવ્યું હતું કે, જેસીબી બગડી ગયુ છે જે વાત આરોપીને સારી નહી લાગતા ફરિયાદીને બિભત્સ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદીએ ચલાલા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: આઠમ, તા. ૦૯-૦૫-૨૦૨૨, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૫, સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: મેઘા

## દૈનિક રાશિફળ

તા.૯-૫-૨૦૨૨ સોમવાર

મેષ : આજે શુભ ખર્ચ અને કીર્તિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય થશે જેના કારણે તમારા બધા કાર્યો પૂર્ણ થવા લાગશે.

વૃષભ : આજે તમે સંતાનપક્ષની ચિંતા કરી શકો છો. બાળક શારીરિક પીડાને કારણે પરેશાન રહેશે.

મિથુન : આજનો દિવસ મિશ્ર ફળદાયી રહેશે. નોકરી કરતા વ્યક્તિએ વાણી પર નિયંત્રણ રાખવું.

કર્ક : આજે તમને આર્થિક લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવ ટાળવા માટે ધીરજ અને નમ્રતાથી કામ કરો.

સિંહ : આજે મોટા પ્રમાણમાં આર્થિક લાભ મળવાની સંભાવના છે. તમને ઇચ્છિત સુખ અને પ્રિયજનોનો ટેકો મળશે.

કન્યા : આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કામ અચાનક બગડતા માનસિક તણાવનું કારણ બની શકે છે.

તુલા : આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારા ગુણો ધરાવતા લોકો સાથે સમાધાન વધશે.

વૃશ્ચિક : તમારા વ્યવસાયમાં સતત લાભની સંભાવના રહેશે. વિદ્યાર્થીઓને પડતી આર્થિક સમસ્યાઓનો પણ અંત આવશે.

ધનુ : આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિ સર્જાશે. તમારા સમય મુજબ કામ પૂર્ણ કરવામાં અડચણ આવી શકે છે.

મકર : આજે સારી ગુણવત્તાવાળા લોકો સાથે જોડાણ વધવાને કારણે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

કુંભ : આજે તમે શરૂ કરેલા કામમાં તમને સફળતા મળશે. જે ચિંતાઓ બાળક તરફથી હતી તે આજે ઉકેલાશે.

મીન : બિનજરૂરી ખર્ચ અને મોટા વિવાદોથી દૂર રહો. લવ લાઈફ સારી અને સુખદ સમય પસાર થશે.






તંત્રી સ્થાનેથી

# મહારાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીનો ગજ વાગશે ખરો?

પંજાબમાં ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ખૂબ સારો દેખાવ કર્યો આથી હવે આમ આદમી પાર્ટી ગુજરાત અને મહારાષ્ટ્રને પોતાના કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. ગુજરાતમાં આને કારણે ભાજપને નુકસાન થઈ શકે છે તેને અટકાવવા માટે ભાજપનું મોવડીમંડળ જોરદાર પ્રયાસો કરી રહયું છે. મહારાષ્ટ્રમાં આમ આદમી પાર્ટી વિસ્તરણનો માર્ગ શોધી રહી છે. આમ આદમી પાર્ટી ચુપચાપ મહારાષ્ટ્રમાં પોતાનો આધાર વધારવાનો પ્રયાસ કરી રહી છે. આમ આદમી પાર્ટી (AAP) એ પાર્ટીમાં જોડાવા માટે કોંગ્રેસના ઓછામાં ઓછા ત્રણ વરિષ્ઠ નેતાઓનો સંપર્ક કર્યો છે. AAPએ જે કોંગ્રેસના નેતાઓનો સંપર્ક કર્યો છે તેમાં મુંબઈના બે ભૂતપૂર્વ લોકસભા સાંસદ અને પશ્ચિમ મહારાષ્ટ્રના એક વરિષ્ઠ નેતાનો સમાવેશ થાય છે. અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની AAPએ પણ પુષ્ટિ કરી છે કે વાતચીત ચાલી રહી છે. જો કે, AAPએ જણાવ્યું હતું કે નેતાઓએ તેમનો સંપર્ક કર્યો હતો, પક્ષે તેમનો સંપર્ક કર્યો નહતો. AAPના રાષ્ટ્રીય કાર્યકારી સભ્ય પ્રીતિ શર્મા મેનને કહ્યું, "જ્યાં સુધી હું જાણું છું, હું જેની વાત કરી રહી છું, તેઓએ અમારો સંપર્ક કર્યો અને અમે તેમનો સંપર્ક કર્યો નહીં. અમે જોયું છે કે કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના લોકોએ અમારો સંપર્ક કર્યો છે. કોંગ્રેસના કેટલાક પૂર્વ મંત્રીઓ પણ AAP સાથે વાતચીત કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું: "વાતચીત હજુ ચાલુ છે. તેઓ અમારી પાર્ટીમાં શું યોગદાન આપશે તે અંગે લાંબી ચર્ચા થઈ શકે છે." કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે એવું લાગે છે કે AAP ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રમાં તેની હાજરીનો અહેસાસ કરાવવા માટે ગંભીર પ્રયાસો કરી રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષોની ખાસ કરીને સત્તાધારી ભાજપની બેચેની વધી રહી છે. અહીં અત્યાર સુધી મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રહ્યો છે, પરંતુ પંજાબની જીતથી ઉત્સાહિત આમ આદમી પાર્ટીની એન્ટ્રીએ રાજકીય સમીકરણમાં બદલાવનો સંકેત આપ્યો છે! ભાજપ પણ બેચેન છે કારણ કે અરવિંદ કેજરીવાલની પાર્ટી કોના વોટ કાપશે, તે સ્પષ્ટ નથી? ગુજરાતમાં રાજકીય યુદ્ધ જીતવા માટે આમ આદમી પાર્ટી ગુજરાત ચૂંટણી પહેલા ઝડપી રેલીઓ કરી રહી છે. દરમિયાન, અરવિંદ કેજરીવાલની પાર્ટી- આમ આદમી પાર્ટીએ પણ ગુજરાત ચૂંટણીમાં ભારતીય ટ્રાઇબલ પાર્ટી (BTP) સાથે ગઠબંધન કર્યું છે. બીજી તરફ એવા પણ સમાચાર છે કે PM નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને ગુજરાતને લઈને એક મોટી અને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત ગુજરાત સરકારના મંત્રીઓ અને પાર્ટીના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં તાજેતરની રાજકીય ગતિવિધિઓ પર પણ ચર્ચા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ગુજરાતમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જેના માટે ભાજપ અને કોંગ્રેસ સિવાય AAP પણ તૈયારી કરી રહેલ છે. યાદ રહે, ગુજરાતમાં ૧૯૯૫થી સતત વિધાનસભાની ચૂંટણી જીતી રહેલ ભાજપ માટે આ વખતે પોતાનો સૌથી મજબૂત ગઢ બચાવવાનો મોટો પડકાર છે, કારણ કે આ પાંચ વર્ષમાં ન તો કેન્દ્રમાં અને ન તો રાજ્યમાં, ભાજપ કોઈ કમાલ દેખાડી શકી નથી. ગુજરાત ભાજપના હાથમાંથી નીકળી જશે તો કેન્દ્રની મોદી સરકાર સામે પણ સવાલ થશે. આ જ કારણ છે કે છેલ્લા બે મહિનામાં વડાપ્રધાન મોદી પોતે બે વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે, જ્યારે ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ સતત ગુજરાતની મુલાકાતે છે. ભાજપ પોતાનો ગઢ બચાવવામાં સફળ થાય છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

# વિશ્વનો સૌથી મોટો સફેદ હીરો 'ધ રોક' ૨.૩૦ અબજ રૂપિયા માં વેચાશે!!!

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

૨૦૦ કેરેટથી વધુ વજન ધરાવતા વિશ્વના સૌથી મોટા સફેદ હીરા 'ધ રોક'ની આગામી સપ્તાહે જીનીવામાં હરાજી થવા જઈ રહી છે. આ હરાજી ક્રિસ્ટીઝ દ્વારા કરવામાં આવેલા વેચાણનો એક ભાગ છે. આ હરાજીમાં ધ રોક ઉપરાંત ધ રેડ ક્રોસ ડાયમંડની પણ હરાજી કરવામાં આવશે. એવી અપેક્ષા છે કે ધ રોકની હરાજી $૩૦ મિલિયન (લગભગ ૨.૩૦ અબજ રૂપિયા) સુધી થઈ શકે છે. તેનું વજન ૨૨૮.૩૧ કેરેટ છે. પિઅર આકારનો આ સફેદ હીરો ગોલ્ફ બોલ જેટલો મોટો છે. "તે સંપૂર્ણ રીતે પિઅર-આકારનો છે," ક્રિસ્ટીના જ્વેલરી વિભાગના વડા મેક્સ ફોસેટે રોઈટર્સને જણાવ્યું હતું. આજે સુરત, ભાવનગર તથા અમરેલી પંથકમાં હીરાનો મોટો ઉદ્યોગ હોવાથી આ અંગે વિસ્તૃત માહિતી પ્રસ્તુત છે. સૌથી પહેલા આપણે હીરા અંગેની ટેકનિકલ માહિતી જાણીએ. હીરા કાર્બન તત્વનું એક મજબૂત સ્વરૂપ છે જેનું કારણ એ છે કે ક્રિસ્ટલ સિસ્ટમમાં ગોઠવાયેલા છે.'હીરા' શબ્દ ગ્રીક 'અદામા'ઓ પરથી આવ્યો છે , જેનો અર્થ થાય છે 'I tama ' અથવા 'I subdue ' અથવા સંબંધિત શબ્દ adama , જેનો અર્થ થાય છે 'સૌથી સખત સ્ટીલ' અથવા 'સૌથી સખત પદાર્થ' દરેક વ્યક્તિ જાણે છે કે હીરા સખત અને સુંદર હોય છે, પરંતુ શું તમે જાણો છો કે હીરા તમારી માલિકીની સૌથી જૂની સામગ્રી હોઈ શકે છે? જ્યારે હીરા જે ખડકમાં જોવા મળે છે તે ૫૦ થી ૧,૬૦૦ મિલિયન વર્ષ જૂના હોઈ શકે છે, જ્યારે હીરા પોતે ૩.૩ અબજ વર્ષ જૂના છે. આ વિસંગતતા એ હકીકત પરથી આવે છે કે જ્વાળામુખી મેગ્મા જે ખડકોમાં ઘન બને છે જ્યાં હીરા જોવા મળે છે. હીરાને પૃથ્વીના આવરણમાંથી સપાટી પર લઈ જવામાં આવે છે.



ઉલ્કાના પ્રભાવના સ્થળે ઉચ્ચ દબાણ અને તાપમાન હેઠળ પણ ઉલ્કાપિંડને કારણે પણ હીરાના સ્ફટિકો હોઈ શકે છે. અસર દરમિયાન રચાયેલા હીરા પ્રમાણમાં 'યુવાન' હોઈ શકે છે, પરંતુ કેટલીક ઉલ્કાઓમાં તારાની ધૂળ, તારાના મૃત્યુનો કાટમાળ હોય છે, જેમાં હીરાના સ્ફટિકો હોઈ શકે છે. આવી જ એક ઉલ્કામાં ૫ અબજ વર્ષથી વધુ જુના નાના હીરા હોવાનું જાણવા મળે છે. હીરાના રસાયણશાસ્ત્રને સમજવા માટે કાર્બન તત્વનું મૂળભૂત જ્ઞાન જરૂરી છે. તટસ્થ કાર્બન પરમાણુ તેના ન્યુક્લિયસમાં છ પ્રોટોન અને છ ન્યુટ્રોન ધરાવે છે. ડાયમંડ કાર્બન અણુઓના પુનરાવર્તિત એકમોથી બનેલો છે જે અન્ય ચાર કાર્બન અણુઓ સાથે મજબૂત રાસાયણિક બંધન, સહસંયોજક બંધન દ્વારા જોડાય છે. દરેક કાર્બન અણુ એક કઠોર ટેટ્રાહેડ્રલ નેટવર્કમાં હોય છે જ્યાં તે તેના પડોશી કાર્બન અણુઓથી સમાન અંતરે હોય છે. હીરાના માળખાકીય એકમમાં આઠ અણુઓ હોય છે, જે મૂળભૂત રીતે સમઘનમાં ગોઠવાયેલા હોય છે. આ નેટવર્ક ખૂબ જ સ્થિર અને કઠણ છે, જેના કારણે હીરા એટલા સખત હોય છે અને તેનો ગલનબિંદુ ઊંચો હોય છે. તારાઓમાંથી પૃથ્વી પર લગભગ તમામ કાર્બન આવે છે. હીરામાં કાર્બનના આઇસોટોપિક ગુણોત્તરનો અભ્યાસ કરવાથી કાર્બનનો ઇતિહાસ શોધવાનું શક્ય બને છે. ઉદાહરણ તરીકે, પૃથ્વીની સપાટી પર, આઇસોટોપ્સ કાર્બન-૧૨ અને કાર્બન-૧૩નો ગુણોત્તર તારાઓની ધૂળ કરતા થોડો અલગ છે. વધુમાં, કેટલીક જૈવિક પ્રક્રિયાઓ સક્રિયપણે કાર્બન આઇસોટોપ્સને સમૂહ દ્વારા વર્ગીકૃત કરે છે, તેથી જીવંત વસ્તુઓમાં કાર્બનનો આઇસોટોપિક ગુણોત્તર પૃથ્વી અથવા તારાઓ કરતા અલગ છે. આમ તે જાણીતું છે કે મોટાભાગના કુદરતી હીરા માટે કાર્બન આવરણમાંથી આવે છે, પરંતુ કેટલાક હીરા માટે કાર્બન સુક્ષ્મ સજીવો દ્વારા રિસાયકલ કરવામાં આવે છે, જે પ્લેટ ટેકટોનિક દ્વારા પૃથ્વીના પોપડા દ્વારા હીરામાં રચાય છે. ઉલ્કાઓ દ્વારા ઉત્પાદિત કેટલાક હીરા અસરના સ્થળે ઉપલબ્ધ કાર્બનમાંથી મળે છે. હીરા એ કાર્બન તત્વનું ઘન સ્વરૂપ છે જેના પરમાણુઓ હીરા ઘન તરીકે ઓળખાતા ક્રિસ્ટલ સ્ટ્રક્ચરમાં ગોઠવાયેલા હોય છે. ઓરડાના તાપમાને અને દબાણ પર, ગ્રેફાઇટ તરીકે ઓળખાતું કાર્બનનું બીજું નક્કર સ્વરૂપ કાર્બન તરીકે રાસાયણિક રીતે સ્થિર છે, પરંતુ હીરો લગભગ ક્યારેય તેમાં રૂપાંતરિત થતો નથી. હીરામાં કોઈપણ કુદરતી સામગ્રીની સૌથી વધુ કઠિનતા અને થર્મલ વાહકતા હોય છે, જેનો ઉપયોગ મોટા ઔદ્યોગિક ઉપયોગો જેમ કે કટિંગ અને પોલિશિંગ ટૂલ્સમાં થાય છે. તેથી જ હીરા પૃથ્વીની ઊંડાઈમાં જોવા મળતા દબાણની જેમ સામગ્રીને આધીન કરી શકે છે. મેટ્રિક્સમાં આ રફ ડાયમંડ ક્રિસ્ટલનો થોડો આકાર એ ખનિજની લાક્ષણિકતા છે. તેનો ચળકતો ભાગ પણ સૂચવે છે કે આ સ્ફટિક પ્રાથમિક સ્ત્રોતમાંથી છે. મોટાભાગના કુદરતી હીરા ૧ અબજથી ૩.૫ અબજ વર્ષ જૂના છે. મોટાભાગના પૃથ્વીના આવરણમાં ૧૫૦ અને ૨૫૦ કિલોમીટર (૯૩ અને ૧૫૫ માઇલ) ની વચ્ચેની ઊંડાઈએ રચાયા હતા, જોકે કેટલાક ૮૦૦ કિલોમીટર (૫૦૦ માઇલ) ની ઊંડાઈથી આવ્યા હતા. ઉચ્ચ દબાણ અને તાપમાન હેઠળ, કાર્બન ધરાવતા પ્રવાહી વિવિધ ખનિજોને ઓગાળી દે છે અને તેને હીરામાં બદલવામાં આવે છે. ખૂબ જ તાજેતરમાં (દસ લાખથી સેંકડો વર્ષો પહેલા), તેઓને જ્વાળામુખી વિસ્ફોટમાં સપાટી પર લઈ જવામાં આવ્યા હતા અને કિમ્બરલાઈટ્સ અને લેમ્પ્રોઈટ તરીકે ઓળખાતા અગ્નિકૃત ખડકોમાં જમા થયા હતા.


કૃત્રિમ હીરાને ઉચ્ચ શુદ્ધતા કાર્બન અથવા હાઇડ્રોકાર્બન ગેસમાંથી રાસાયણિક વરાળ ડિપોઝિશન (CVD) દ્વારા ઉચ્ચ દબાણ અને તાપમાન હેઠળ બનાવી શકાય છે. ક્યુબિક ઝિર્કોનિયા અને સિલિકોન કાર્બાઈડ જેવી સામગ્રીમાંથી પણ ઈમિટેશન ડાયમંડ બનાવી શકાય છે. કુદરતી, કૃત્રિમ અને અનુકરણ હીરાને સામાન્ય રીતે ઓપ્ટિકલ તકનીકો અથવા થર્મલ વાહકતા માપનો ઉપયોગ કરીને અલગ પાડવામાં આવે છે.

આ હરાજીમાં "ધ રેડ ક્રોસ ડાયમંડ" પણ વેચવામાં આવશે. તે ૨૦૫.૦૭ કેરેટનો પીળો કુશન આકારનો પથ્થર છે. આ હરાજીમાંથી મળેલી રકમનો એક ભાગ જીનીવામાં ઈન્ટરનેશનલ કમિટી ઓફ રેડ ક્રોસ (ICRC)ને જશે. આ કિંમતી રત્ન સૌપ્રથમ ક્રિસ્ટી દ્વારા ૧૯૧૮માં લંડનની હરાજીમાં વેચવામાં આવ્યો હતો. ત્યારે વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું અને લંડનના લોકોએ બ્રિટનને મદદ કરવા માટે તેમનો સામાન હરાજી દ્વારા વેચ્યો હતો. તે હરાજીમાંથી ૧૦,૦૦૦ પાઉન્ડ મળ્યા, જેણે બ્રિટિશ રેડક્રોસ સોસાયટીને મદદ કરી. આ કિંમતી પથ્થરના નીચેના ભાગમાં માલ્ટિઝ ક્રોસ બનાવવામાં આવેલ છે.

''ધ રોક'' હુલામણું નામ ધરાવતો વિશાળ હીરો શુક્રવારે દુબઈમાં પ્રથમ વખત એક હરાજી પહેલાં પ્રદર્શિત થયો હતો જ્યાં તેને $૩૦ મિલિયન સુધી મળવાની અપેક્ષા છે. ૨૨૮.૩૧-કેરેટ પિઅર-આકારનો ડાયમંડ, જે દક્ષિણમાં ખનન અને પોલિશ કરવામાં આવ્યો હતો. ઓક્શન હાઉસ ક્રિસ્ટીઝે જણાવ્યું હતું કે, આફ્રિકામાં ૨૦ વર્ષ કરતાં પણ વધુ સમય પહેલાં હરાજીમાં આવવા માટેનો સૌથી મોટો સફેદ હીરો છે.

ક્રિસ્ટીઝ દુબઈ ખાતે તેની શરૂઆત કર્યા પછી, જ્યાં તે ૨૬-૨૯ માર્ચ દરમિયાન પ્રદર્શિત થશે, ધ રોક તાઈપેઈ, ન્યૂ યોર્ક અને જીનીવા જશે, જ્યાં તેની હરાજી ૧૧ મેના રોજ કરવામાં આવશે એમ મહત્વપૂર્ણ ઝવેરાત અને રત્ન માટે પ્રશંસા કરતા ક્રિસ્ટીઝ ખાતે જ્વેલરીના આંતરરાષ્ટ્રીય વડા રાહુલ કડકિયાએ એએફપીને જણાવ્યું હતું. ક્રિસ્ટીઝે જણાવ્યું હતું કે, સૌથી મોટા રંગહીન હીરા માટે અગાઉની હરાજીનો રેકોર્ડ ૧૬૩.૪૧ કેરેટનો સ્પાર્કલર હતો જે નવેમ્બર ૨૦૧૭માં $૩૩.૭ મિલિયનમાં વેચાયો હતો. આ વર્ષની શરૂઆતમાં, લંડનમાં સોથેબીએ "ધ એનિગ્મા" વેચ્યો હતો - જે હરાજી માટે અત્યાર સુધીનો સૌથી મોટો કટ હીરો છે.

## શબ્દ સંજોગ-૧૩૪૩



**આડી ચાવી :**
(૧) બધુ ટાઈમ ટેબલ પ્રમાણે જ થશે (૬)
(૫) મરજીમાં આવે તેમ વર્તનારુ (૨)
(૭) ઉત્તમ વરદાન (૨)
(૮) દશાનનની રાજધાની (૨)
(૯) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૧) ચિહ્ન, આંકો (૨)
(૧૨) મનાઈ,નિષેધ (૨)
(૧૩) નહી જન્મેલુ (૨)
(૧૪) ''સાબરમતી કે.....તુને કર દિયા કમાલ'' (૨)
(૧૫) ખમણ પર આ ન હોય તો ટેસ્ટ જ ન આવે (૩)
(૧૭) દ્રશ્ય કાવ્ય (૩)
(૨૦) સેવ તો અહીંની જ (૪)
(૨૨) શ્રી કૃષ્ણ ભગવાનનું એક નામ (૪)
(૨૩) પડ,થર (૨)
(૨૫) નાશ પામે તેવું (૩)
(૨૭) તરફેણ કરનાર (૫)
(૩૦) પંચ, પંચાતિયો (૩)
(૩૧) રૂઆબ (૨)


**ઉભી ચાવી :**
(૧) કેટલોય વ્યર્થ ખર્ચી નાખવા છતાય લોકો કહે છે, મને... નથી (૩)
(૨) આર્ય સંસ્કૃતિ બહારનો માણસ (૩)
(૩) બીજુ, અન્ય (૨)
(૪) મોઢા પર કાલિમા લાગી છે (૩)
(૬) વિદાય કરેલું (૩)
(૧૦) વીજળી પડવા જેવો મોટો શોક લાગ્યો છે (૪)
(૧૧) હનુમાનજીની માતાનું નામ (૩)
(૧૨) અભિપ્રાય (૨)
(૧૪) વિધ્ન, મુશ્કેલી (૩)
(૧૫) સંતે પ્રસન્ન થઈને આશા પુરી પાડવા આપેલું વચન (૪)
(૧૬) લાંબી હાર (પર્યાય અવળો) (૨)
(૧૮) ૫૬ મણ (૨)
(૧૯) નોકરીમાંથી કાઢી મૂકેલુ (૫)
(૨૧) સરસ, ઉત્તમ (૨)
(૨૪) ચામડીનો એક રોગ (૩)
(૨૬) સાસુ (૨)
(૨૮) કેન્સલ કરેલું (૨)
(૨૯) મોઈ કે બોલનો વાગેલો ટોલ્લો (૨)

## શબ્દ સંજોગ-૧૩૪૨ જવાબ

**આડી ચાવી :** (૧) પલાશ (૩) સંકટ (૬) બરકત (૭) કાંત (૮) દહન (૧૦) ગદા (૧૧) વમન (૧૩) રામ (૧૫) શ્યેન (૧૬) ગરજ (૧૮) કસ (૧૯) મારગ (૨૦) સામ (૨૨) ત્રપા (૨૪) રમ (૨૬) શંખ (૨૮) લિખિતેન (૩૦) કુમારિકા (૩૧) જનસેવા.
**ઉભી ચાવી :** (૧) પસંદ (૨) શબનમ (૩) સંકટ (૪) કત (૫) શ્વેત (૭) કાંદા (૯) હવન (૧૦) ગમ (૧૨) નગરપાલિકા (૧૩) રાજ (૧૪) ભાસ (૧૭) રગ (૧૮) કમર (૧૯) માત્ર (૨૧) ત્રિશંકુ (૨૩) સતેજ (૨૫) મરવા (૨૭) ખમા (૨૯) નન.

# ''સર્વશ્રેષ્ઠ સંવાદ : શબ્દોમાં સીમિત અને અર્થમાં અસીમિત હોય છે''

કરમે પાછા વળી શકાયું નહી,
પછી તો પૂછવુ શું હવે શું થશે?
બહુ મોડુ થાય સંબંધ બચાવવા
પછી સવાંદ કરીને પણ શું વળે?
રહી ન શકો એક ક્ષણ પણ સાથે
પછી તો આ દૂધે સાકર શું ભળે?
હારી જાવ તમે આમ વારે ઘડીએ
પછી મુસિબતો કદી પણ શું ટળે?
ઉમેરો જ તમારો કાયમી ખોટો હોય
પછી ક્યારેય સરવાળે વડી શું ચડે?




મનન ચિંતન

ભરત બાવીશી

સંવાદ એટલે વાત-ચીત કોઈ બે વ્યક્તિ વચ્ચે સામસામે કે કોઈ એક વ્યક્તિની સામે ઘણા-બધા વ્યક્તિની બંને બાજુની સામ-સામી વાત-ચીત એટલે સંવાદ કહીએ છીએ. સંવાદ શબ્દમાં જ એનો અર્થ સમાયેલો છે કે તેમા સુવાળા શબ્દો હોય, એટલે કે સંવાદમાં વપરાતા શબ્દો સાંભળનારને વાગતા નથી કે કાંટાની જેમ ખૂપતા નથી. મતલબ કે શાંત વાતવરણમાં સંવાદ થાય છે. એનાથી વિપરીત જયારે સામ-સામી વાતચીત બરડ, બરછટ કે ઉગ્ર શબ્દોમાં થતી હોય ત્યારે એ સંવાદમાંથી વિવાદ બની જાય છે. અહી આપણે વિવાદને બાજુ પર રાખીને સંવાદને થોડો સરળ બનાવવા પ્રયત્ન કરીએ. સંવાદમાં પણ આપણે બે પ્રકાર પડતા જોઈ શકીએ છીએ. (૧) સીમિત શબ્દો વપરાય પણ એનો અર્થ અસીમિત કે અનંત હોય છે. આવા સંવાદના શબ્દો સુવાકયો, સુભાષિતો, રત્નકણિકા કે મુક્તક કે કહેવત સ્વરૂપમાં હોય છે. થોડુ બોલીને કે લખીને ઘણુ સમજાવી શકાય છે. અહી પરસ્પર રસ-રૂચિ કે સ્નેહનો ભાવ સેતુ પણ બંધાતો હોય છે. થોડુ પણ મીઠુ, થોડુ પણ કામનું, થોડુ પણ ભાવતુ, થોડુ પણ સમજણ સાથેનું બોલેલું કે લખેલું સાંભળનારને કે વાંચનારને સરળ, સ્પષ્ટ અને વિશેષ સમજણ સાથેનું અર્થઘટન કરી આપે ત્યારે આવો સંવાદ સર્વશ્રેષ્ઠ સંવાદ ગણાય છે. ઘણીવાર સમયસર સંવાદ થાય તો યોગ્ય ઉકેલ આવે છે. જો સબંધ બચાવવા માટે બહુ મોડુ કરવામાં આવે તો પછી સંવાદ વિવાદ ફેરવાઈ જાય છે. માટે સંવાદ રચવામાં કયાંય મોડુ ના કરવુ. બીજો પ્રકાર (૨) શબ્દો અસીમિત હોય પરંતુ એનો અર્થ સીમિત હોય. આવા સંવાદમાં વિવાદ ના હોય પણ સામ-સામે કંટાળાનો ભાવ જોવા મળે છે. સતત અને અર્થ વગરનું બોલ-બોલ કરવાથી સાંભળનાર કશુ સમજી શકતા નથી. આવા સંવાદ વિવાદની પૂર્વભૂમિકા બાંધે છે. માટે સીમિત શબ્દો અને અસીમિત અર્થવાળા સંવાદમાં સહભાગી થવુ એજ સુખી જીવનની શરૂઆત છે.

# ગાયના છાણ અને ગૌમુત્રમાંથી વેલ્યુએડીશન કરીને જય મહાકાળ ગૌશાળાએ સિધ્ધી મેળવી



ગાયને સંસ્કૃતિમાં માતાનું સ્થાન આપવામાં આવ્યુ છે. ગાયના શરીરમાં તેત્રીશ કરોડ દેવતાઓનો વાસ છે. તેવુ શાસ્ત્રો અને સંસ્કૃતિ બતાવે છે. ગીર ગાયના હિસાબે બ્રાઝીલ જેવા દેશ પ્રગતિમાં આગળ આવ્યા. આવી બધી વાતો આપણે સાંભળતા આવ્યા છીએ. આજે ફરી દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ગીર ગાય ઉપર વિવિધ સ્તરે સંશોધન થઈ રહ્યા છે. વૈજ્ઞાનિક તથ્યો સાથે ગૌમુત્ર અસાધ્ય બિમારીઓ સામે લડવા ઔષધિ તરીકે રામબાણ ઈલાજ સાબિત થઈ રહ્યો છે.

ગૌશાળાઓ, પાંજરાપોળ કે વ્યવસાય લક્ષી એકમોના સંચાલકો ગાયના દૂધ સાથે ચોખ્ખુ-ઘી બનાવીને વેચી રહ્યા છે. આજે ગીર ગાયનું ઘી ઓનલાઈન વેચતા ખેડૂતો પણ આપણે જોઈ રહ્યા છીએ. કોઈ પશુપાલક ગાયનું ઘી રૂ.૨૦૦થી ૫૭૦માં કિલો વેંચે છે. તો કોઈ ઓનલાઈનના માધ્યમ અથવા પબ્લીસીટીના માધ્યમ થકી ૨૦૦૦માં પણ કિલો વેંચે છે. આ માંગ છે. વર્તમાન સમયની સાથે તાલ મિલાવી એક એવા ખેડૂતપુત્ર જેની પાસે ૯૮ જેટલી અમલ નસ્લની ગીર ગાયો છે. આ ગાયોના સંવર્ધન સાથે ખેડૂતો-પશુપાલકોને ગીર ગાયોના લાલન-પાલનની માહિતી, જાણકારી પણ આપે છે. તેવા અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના પટેલ પરેશભાઈ દલસુખભાઈ

આકળનું એક બિંદુ

હિરેન હિરપરા

જેમણે જય મહાકાલ ગૌશાળા શરૂ કરીને લોકોને શુધ્ધ દૂધ આપવાનો પ્રયત્ન કર્યો સાથે-સાથે તેઓ ઘીના અલગ-અલગ પેકિંગ કરીને સારો ભાવ મેળવી રહ્યા છે. આયુર્વેદના મત મુજબ ગીર ગાયનું ઘી મહત્વનું હોય છે. હાલ તેઓ આયુર્વેદિક ડોકટરો અને વૈદોની સલાહ મુજબ ગીર ગાયના ઘીમાં વિવિધ ઔષધિઓ મેળવીને ઔષધિ ઘી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જે અનેક બીમારી સામે રક્ષણ આપશે.

આ ઉપરાંત પરેશભાઈને ગીર ગાયના ઘીમાંથી અનેક આર્ટીકલ્ય વસ્તુઓ બનાવીને સારૂ એવુ માર્કેટીંગ ખડુ કર્યુ છે. તેઓ જણાવે છે કે પૂજા કે શોપિસની અનેક વેરાયટી લોકો અમારી પાસે ખુશીથી માંગી રહ્યા છે અને અમને સારી કિંમત મળી રહી છે. આ ઉપરાંત સાબુ, લોશન જેવી પ્રોડકટ પણ બનાવી રહ્યા છે. ગૌમુત્રમાંથી શેમ્પુનું નિર્માણ કરીને સારી પ્રોડકટ બનાવી વેચી રહ્યા છે. આમ ગાય ખેતી, પશુપાલન, દૂધ વ્યવસાય અને તેનું ગૌમુત્ર તથા છાણની પ્રોડકટ ખુબ પ્રચલિત થઈ છે. ત્યારે અનેક નવા સ્ટાર્ટ-અપ બિઝનેસમેન તૈયાર થઈ રહ્યા છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દાડમના પાકમાં સંકલિત પાક વ્યવસ્થા દ્વારા ચોક્કસતા

દાડમની ખેતીમાં જમીન વ્યવસ્થા થી માંડી માર્કેટિંગ વ્યવસ્થા સુધીની તમામ પક્રિયા વૈજ્ઞાનિક સૂઝ-સમજ પ્રમાણે કરવામાં આવે તો જ ખેતી આર્થિક રીતે પોષણક્ષમ બની જાય છે. અત્રે આ મુદ્દાની વિશેષ છણાવટ કરેલ છે.

હવામાનઃ- દાડમ ઉષ્ણ અને સમશીતોષ્ણ કટીબંધનો પાક છે. જેથી ઠંડો શિયાળો અને ગરમ સુકો ઉનાળો પાકને વધુ અનુકૂળ આવે છે. દક્ષિણ ગુજરાતના ભારે વરસાદવાળા વિસ્તારને બાદ કરતા દાડમ ગુજરાતના તમામ જિલ્લાઓમાં સહેલાઈથી થઈ શકે છે. ભેજવાળા અને ભારે વરસાદવાળા વાતાવરણમાં રોગ-જીવાતનો ઉપદ્રવ વધારે રહે છે. જેથી દક્ષિણ ગુજરાતમાં આ પાક વ્યાપારિક ધોરણે કરવા ભલામણ નથી.

જમીનઃ- દાડમનો પાક આમ તો સામાન્ય હલકીથી થોડી છીછરી જમીનમાં થઈ શકે. પરંતુ વિશેષ સારું અને ગુણવતાવાળું ઉત્પાદન લેવા મધ્યમ કાળી અને ગોરાડું જમીન વધારે માફક આવે છે. આ પાક સાધારણ ખારાશ પણ સહન કરે છે. દાડમ ભારે કાળી ચીકણી જમીનમાં થઈ શકતો નથી કારણકે આવી જમીનો જલ્દી ભેજ મુકતી નથી, જેથી છોડને આરામ ન મળતા ફૂલ ફળ ઓછા લાગે છે.

ગુજરાતમાં વવાતી જાતો :-

ગણેશ : આ મહારાષ્ટ્રની પ્રખ્યાત જાત છે. ફળો મોટા (૨૨૫-૨૫૦ ગ્રામ), છાલનો રંગ પીળો/ ગુલાબી અને આકર્ષક, દાણા પોચા, રસદાર અને ગુલાબી રંગના, કુલ ધન દ્રાવ્ય ૧૪.૬ ટકા છે. આ જાતના ફળ મોટા અને વજનદાર થાય છે. ૧.૫ કિલો વજનના દાડમ મહારાષ્ટ્રના ખેડૂતો પકવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ કિલો કરતા વધુ વજન માન્ય છે. આ જાત વધારે ગરમી સહન ન કરી શકતી હોવાથી અંદર દાણા કાળા પડી સડી જાય છે. આ વૈજ્ઞાનિકો માટે સંશોધનનો મુદો છે. આમ જાત સારી છે. નિકાસ માટે યોગ્ય છે પરંતુ ગુજરાતમાં નવેસરથી ચકાસણી કરવી જરૂરી છે. ગણેશ દાડમનું વાવેતર ગુજરાતમાં સારા પ્રમાણમાં થયું હતું પરંતુ ગરમીના કારણે અંદર દાણા કળા પડી જતા વાવેતર બંધ થઈ ગયેલ છે.

ભગવા : આ પણ મહારાષ્ટ્રમાં સંશોધન થયેલ જાત છે. ફળો સાધારણ મોટા, છાલ તથા દાણાનો રંગ ભગવો છે. છાલ જાડી તથા દાણા ચાવવામાં થોડા કડક છે. ગુજરાતમાં આ જાતનું વાવેતર વધતું જાય છે.

રોપણી અને અંતર : જમીનને ખેડી કર્બીને સમતલ કરવી ત્યારબાદ ૫ મી., ૫ મી. અથવા ૪ મી., ૬ મી. ના અંતરે અથવા ધાનીસ્તા ખેતી પધ્ધતિમાં ( મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ, રહુરી ) વાવેતર માટે ૪ મી., ૨ મી. માં વધારે ઉત્પાદન મળેલ છે. જેમાં હેક્ટરે ૧૨૫૦ છોડ વાવે છે. જેનાથી અન્ય અંતર કરતા વધારે ઉત્પાદન મળેલ છે. ઉનાળા દરમિયાન ચોક્કસ અંતરે ૪૫ સે.મી., ૪૫ સે.મી., ૪૫ સે.મી. ના ખાડા ખોદવા જે ૧૫ દિવસ તપાવ્યા બાદ ઉપલા થરની સારી માટી સાથે ખાડા દીઠ ૧૦-૧૫ કિલો છાણીયું



+ ૨ કિલો સેન્દ્રીય ખાતર + ૨૦૦ ગ્રામ ડી.એ.પી. + ૨૦૦ ગ્રામ પોટાશ ભેળવી ખાડા પૂરી પાણી આપી દેવું ત્યારબાદ જૂન-જુલાઈમાં દરેક ખાડા દીઠ એક સારી કલમની રોપણી કરવી.

સહ પ્રાધ્યાપક ડો. બી. વી. હુંમર, મદદનીશ પ્રાધ્યાપક તૃપ્તિ ડોડીયા, મદદનીશ પ્રાધ્યાપક એ. એમ. બુટાણી - કૃષિ મહાવિદ્યાલય મોટા ભંડારિયા

કેળવણી અને છટણી : દાડમના છોડ પર થડના નીચેના ભાગમાં ઘણી ડાળીઓ ફૂટે છે. આ પૈકી ચાર થી પાંચ ડાળીઓ મુખ્ય થડ તરીકે વિકસવા દેવી અને બાકીની ડાળીઓ કાપી નાખવી જેથી મુખ્ય થડનો વિકાસ સારો થાય છે. મૂળમાંથી નીકળતા પીળા વખતો વખત કાઢી નાખવા કારણ કે આ પીળા ફળ બેસવામાં તથા વિકાસમાં નડતરરૂપ છે. ત્યારબાદ દર વર્ષે માવજત વખતે સુકી અને નડતરરૂપ પાળીઓ કાપી માવજત કરવી આ ઉપરાંત ટોચની કુમળી ડાળીઓ બહાર ટ્રીટમેન્ટ વખતે કાપવાથી ફૂલો-ફળો વધારે બેસે છે જેથી સાધારણ વાર્ષિક પ્રુનીંગ ઝાડના આરામના સમયમાં એટલે સપ્ટેમ્બર-ઓકટોબર બહાર માવજત પહેલા કરવું. આમાં ટોચની કુમળી ડાળીઓ ૧૦-૧૫ સે.મી. લંબાઈમાં કાપવી, વિશેષ માહિતી માટે અલગ લેખમાં વાચો. ખાતરો : દાડમના પાકમાં ઝાડની ઉંમર મુજબ નીચેના કોઠામાં જણાવ્યા પ્રમાણે ખાતરો આપવા. છાણીયા ખાતરનો બધો જથ્થો તથા રસાયણિક ખાતરનો અડધો જથ્થો જૂન માસમાં અને બાકીનો અડધો જથ્થો સપ્ટેમ્બર-ઓકટોબર માસમાં આપવો. બહાર પ્રમાણે ખાતર આપવાના સમયમાં ફેરફાર કરવો પડે છે. જૈવિક ખાતરો જેવા કે એઝોટોબેકટર, ફોસ્ફોબેક્ટેરિયા, પોટાશ બેકટરિયા વર્મીપોસ્ટ, ખોળ અને અન્ય સેંન્દ્રીય ખાતરો વાપરવા તથા લીલો પડવાશ કરવો. જૈવિક ખાતરોમાં ૧૦૦ લિટર પાણીમાં એઝોટોબેકટર ૧ લિટર + પોટાશ બેક્ટરિયા ૧ લિટર + સુપર પોટેશિયમ હુમિક ૧ લિટર + સીવીડ એક્સ્ટ્રેક્ટ ૧ લિટર મેળવી વર્ષે બે વખત ૧-૧ લિટર પાવાથી ૪૦ ટકા રાસાયણિક ખાતરનો જથ્થો ઘટાડી શકાય છે. જેથી આર્થિક ફાયદા સાથે જમીનની ફળદ્રુપતા તથા ઉત્પાદકતા જળવાય રહેશે. આ ઉપરાંત જમીનનું બંધારણ અને પોત સુધરશે.

પિયત : પાણી દાડમના ઉત્પાદન અને ગુણવત્તાને અસર કરતું અગત્યનું પરિબળ છે. ફળ તૈયાર થવાના સમયે ઝાડને પાણીની ખેંચ પડતા ફળની છાલ ફાટી જાય છે. ગુજરાતમાં ગૌણ તત્વ બોરોનની ખામીના લીધે પણ આવું બનતું હોય છે. મૃગ બહારમાં આ પ્રક્રિયા વધારે પ્રમાણમાં જોવા મળે છે. જમીનમાં ભેજ અને હવામાનમાં થતા ફેરફારોને કારણે આમ બનતું હોય છે. આથી શિયાળામાં ૧૦ થી ૧૨ દિવસના અંતરે, ઉનાળામાં ૭ થી ૮ દિવસના અંતરે અને ચોમાસામાં વરસાદ ખેંચાય ત્યારે પિયત આપવું. ગુજરાતમાં હસ્ત બહારનો ફાલ લેવાતો હોવાથી ચોમાસું પૂર્ણ થયા બાદ ઓક્ટોબર માસથી પિયત આપવું. વખતો વખત ખામણામાંથી નિંદામણ દુર કરવું તેમજ ટ્રેકટરથી ખેડ કરવી જેથી વાડી નિંદણ મુક્ત રહે અને જમીન પોચી બને. ડ્રીપ ઈરીગેશન હોય તો છોડને એકાંતરે શિયાળામાં ૧૦ લિટર અને ઉનાળામાં ૧૫ લિટર પાણી આપવું. પ્રથમ વર્ષના જથ્થા જેટલો જથ્થો પાંચ વર્ષ વધારતા જતા શિયાળામાં ૫૦ લિટર અને ઉનાળામાં ૭૫ લિટર પાણી થશે. ચોમાસા દરમિયાન પાણીની ખાસ જરૂર પડશે નહી.

મલ્ચીંગ : દાડમના પાકમાં મલ્ચીંગ વિશેષ ફાયદાકારક માલૂમ પડેલ છે. જેમકે પાણીની નિયમિતતા જળવાય રહે છે તેમજ ૬૦ ટકા પાણીની બચત થાય છે. જેથી વિકાસ અને વૃદ્ધિ સારી થાય છે. ઉપરાંત નિંદણ ઓછુ થય છે, જમીન પોચી, ભરભરી અને નીતાર શક્તિવાળી થતા સુક્ષ્મ જીવાણુઓની પક્રિયા વધતા છોડ પોષક તત્વો સહેલાઈથી ઉપાડી શકતા ગુણવતાવાળું વધારે ઉત્પાદન મળે છે.

નિંદામણ અને આંતર ખેડ : દાડમનો પાક સતત નિંદામણમુક્ત રાખવો. હાથથી સાંતી ચલાવી અથવા નિંદણનાશક દવામાં પેરાક્વેટ ૧૦૦ લિટર પાણીમાં ૫૦૦ મી.લી. પ્રમાણે દાડમના છોડને બચાવી છંટકાવ કરવામાં આવે તો તમામ પ્રકારનું નિંદણ નાશ પામશે. જયારે દાડમના ઉગતા નિંદણને નાશ કરવા પીન્ડીમીથીલીનનો ઉપયોગ કરવો. દાડમના ઉભા પાકમાં આડી-ઉભી ખેડ કરવી તથા ખામણામાં વર્ષમાં ૨-૩ વખત ગોડ કરવો.

બહારની માવજત ( ચોક્કસ સમયે જ ફૂલો લાવો ) : દાડમના પાકને કોઈ ચોક્કસ ઋતુમાં ફૂલ-ફળ લઈ આવવા બહાર ટ્રીટમેન્ટ આપવામાં ન આવે તો બારે માસ વધતા ઓછા પ્રમાણમાં ફૂલ-ફળ મળ્યા કરે છે. દાડમના પાકમાં આંબે બહાર, મૃગ બહાર અને હસ્ત બહારમાં ફૂલ-ફળ આવે છે. આંબે બહારના ફૂલ ડિસેમ્બર-જાન્યુઆરી આવે છે. ફળો અપ્રિલ-મે માસમાં પાકે. આ સમય દરમિયાન કેરી બજારમાં પુષ્કળ પ્રમાણમાં આવતી હોય છે. તેમજ ઉનાળામાં સખત તાપથી ફળ ઉપર કાળા ડાઘા પડતા ફળની ગુણવતા ઉપર અસર થાય છે. જેથી બજાર ભાવ ઓછો મળે છે. મૃગ બહારના ફૂલ જૂન-જુલાઈમાં આવે છે અને ઓક્ટોબર-નવેમ્બરમાં ફળો તૈયાર થાય છે. પરંતુ ફળનો વિકાસ ચોમાસા દરમિયાન થતો હોવાથી જીવાતોનો ઉપદ્રવ વધારે રહે છે અને ફળમાં કાળા ડાઘા પડે છે. આ કારણોસર ગુજરાતમાં આંબે બહાર અને મૃગ બહારનો ફાલ લેવાનું હિતાવહ નથી. હસ્ત બહારના ફૂલ ઓક્ટોમ્બર-નવેમ્બરમાં આવે છે. અને ફળ ઉનાળામાં તૈયાર થાય છે. આ સમયે બજારમાં બીજા ફળો ન હોવાથી ભાવ વધારે મળે છે તથા ફળોનો વિકાસ શિયાળામાં ઠંડા અને સુકા હવામાનમાં થતો હોવાથી રોગ જીવાતનો ઉપદ્રવ ઓછો થાય છે. આ કારણોને લીધે ગુજરાતમાં હસ્ત બહારનો ફાલ લેવાનું પસંદ કરવામાં આવે છે. હસ્ત બહારનો ફાલ લેવા માટે ચોમાસાનો વરસાદ બંધ થયા બાદ પાણી આપવાનું બંધ રાખવું. જમીન ખેડી, ગોડ કરી, સુકી ડાળીઓ કાપવી તથા પીલા કાપવા. લગભગ એકાદ માસના આરામ બાદ આપવા જણાવેલ ખાતરો આપી બે હળવા પિયત આપવા. ત્યાર બાદ સારા પ્રમાણમાં ફૂલ આવશે જેમાંથી ઉનાળામાં ફળ મળશે. સપ્ટેમ્બરના અંત સુધીમાં જ વરસાદ ચાલુ રહે અને હસ્ત બહાર લેવાનું શક્ય ન બને ત્યારે આંબે બહાર લેવામાં આવે છે. પાણીના તંગીવાળા ભાવનગર વિસ્તારમાં બધા ખેડૂતો મૃગ બહાર લેતા હોય છે.

ફળ ઉતારવા : ફૂલ આવ્યા બાદ ૪ થી ૫ મહિને ફળ ઉતારવા યોગ્ય બને છે. ફળની છાલ થોડી પીળાશ પડતી થાય, ફળો પૂર્ણ વિકસિત બને અને આંગળી વડે ટકોરો મારવાથી ફળ ધાતુ જેવા રણકાર આપે ત્યારે ઉતારવા. કલમથી ઉછરેલ ઝાડ ઉપર બીજા વર્ષથી ફળ ઉતારવાની શરુઆત થાય છે. ફળો હાથથી અથવા સીકેતારથી ઉતારી તુરંત છાયડામાં લઈ જવા. ફળો ઉપરની ધૂળ સાફ કરવી તથા કદ, વજન, પરિપક્વતા રોગ/જીવાતથી નુકસાન વાળા, વગેરે મુદાઓ ધ્યાને લઈ વર્ગીકરણ કરવું. ઉત્પાદન : ફળો આમ તો બીજા વર્ષથી મળવા લાગે છે. પરંતુ છોડ પાંચ વર્ષનો પુખ્ત થતા ઝાડ દીઠ ૧૦૦ થી ૧૫૦ ફળ ઉતરે છે. હેક્ટરે ૮-૧૦ ટન ફળો મળે છે. જયારે વધારે ફળો બેસે તો ઝાડ દીઠ ૧૦૦ ફળો રાખી બાકીના તોડી નાખવા જેથી એકાંતરે ફળો મોટા (૨૦૦-૨૫૦ ગ્રામ ) થતા ઉત્પાદન વધારે અને ગુણવતાવાળું મળે છે. સારી માવજતમાં દાડમની ઉત્પાદન ક્ષમતા ૩૦ ટન/હે. છે.

# ખેડૂતોના સામાહિક ખેતી કાર્યો

મગફળીઃ

● ચોમાસાનો વાવણી લાયક વરસાદ થાય તે પહેલા જમીનમાં પિયત આપી ઓરવાણ કરી વરાપ થયે વાવેતર કરવામાં આવે છે તેને આગોતરૂ વાવેતર કહેવામાં આવે છે. સંશોધનના પરિણામો ઉપરથી ભલામણ



ડો.જી.આર. ગોહિલ સહવિસ્તરણ શિક્ષણ નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી જુનાગઢ કૃષિ યુનિવર્સીટી,જુનાગઢ ફોન ૯૮૭૫૭૦૮૩૪૨

કરવામાં આવેલ છે કે મે મહિનાનાં છેલ્લા અઠવાડિયામાં અથવા તો જૂન મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં વાવેતર થઈ જાય તે રીતે ઓરવણું કરી વાવેતર કરવાથી વધારે ઉત્પાદન તથા આર્થિક ફાયદો થાય છે.

● મગફળી ઉપાડ્યા પછી તેજ બીજનું તુરંત વાવેતર કરવું નહિ તેમનો ડોર્મસી પીરીયડ પૂરો થયા પછી જ વાવેતર કરવું. જમીનમાં ભેજનું પ્રમાણ અને શીદ્રતા જાળવી રાખવી. તે માટે આગલા પાકનાં ઝાડીયા-મુળિયા, કાંકરા વીણી જમીનને ચોખ્ખી કરો.

● વધારે વહેલું વાવેતર કરવાથી સપ્ટેબર માસમાં જો વધુ વરસાદ થાય તો મગફળી તુટી જવાથી આર્થિક રીતે નુકસાની થાય છે.

તલઃ-

● તલના પાકની કાપણી પાક પીળો પડી જાય ત્યારે કાપણી બાદ ૭ તથા ૧૫ દિવસે એમ બે વાર ખેરવાની ભલામણ કરવામાં આવે છે.

કપાસઃ-


કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

શેરડીઃ-

● શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા કદના તથા પાંચમાં મહિને ભારે કદના પાળા ચઢાવવા. ખેતરમાં શેરડીની પતરી બાળવાની સલાહ આપવામાં આવતી નથી.

શાકભાજીઃ-

● શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો. રીંગણના પાકમાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ તથા અન્ય જીવાતો માટે સંકલિત નિયંત્રણ અપનાવવું.



● ગ્રીન હાઉસ માં ઓફ સિઝનમાં ફાયદો મળી રહે તેવા પાકો જેવા કે જર્બેરા, કાર્નેશન, ગુલાબ, ગ્લેડીયોલસ, જેવા ફૂલ પાકો તેમજ ધાણાભાજી, મેથી, મરચા(કેપ્સીકમ), ટામેટા, કાકડી જેવા શાકભાજી પાકો લઈ શકાય. બાગાયતઃ- જામફળમાં મૃગબહાર લેવામાં આવે તો તેના ફળો શિયાળા દરમ્યાન મળે છે. જેની ગુણવતા ખુબ જ સારી હોય છે, ફળમાખીનો ઉપદ્રવ ઓછો હોય છે. તેમજ વીટા - સીનું પ્રમાણ ઘણું હોય છે. આના માટે ફાલ ઉતાર્યા બાદ ઉનાળાની ઋતુમાં ફેબ્રુઆરી - મે માસ સુધી પાણી બંધ કરવામાં આવે છે. ત્યારબાદ ખેડ કરી ગોડ કરવો અને ખાતર પાણી આપવું તેમજ રોગ - જીવાતવાળી સુકી ડાળીઓ કાપી નાખવી.

● બોરમાં છાંટણી સામાન્ય રીતે એપ્રિલના બીજા પખવાડિયાથી મે ના પ્રથમ પખવાડિયા સુધીમાં કરી શકાય છે. સીતાફળમાં ખાસ પ્રકારની છાંટણીની જરૂર રહેતી નથી પરંતુ થડની આજુબાજુ ફુટતી ડાળીઓ કાઢતા રહેવું.

● લીંબુના પાકમાં જીવાત અને રોગના નિયંત્રણ અંગે યુનિ.ની ભલામણ પ્રમાણે પાન કોરીયાના નિયંત્રણ માટે ફેન્થીઓન, ડાયમથીએટ અથવા કવીનાલફોસનો છંટકાવ કરવો. તેમજ ગુંદરીયા રોગના નિયંત્રણ માટે રોગ લાગેલ ભાગ ચપ્પુથી છોલી બોર્ડોપેસ્ટ અથવા ઓરીયોફંગીન દવા (૧૦ લિટર પાણીમાં ૧ ગ્રામ પ્રમાણે) ચોપડવાથી ફાયદો થાય છે

● દાડમ, ફૂલછોડ, ઔષધિય પાકો અને રક્ષિત ખેતી પાકોમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ● સીતાફળના વાવેતર માટે જી.જી.સી.એ.-૧ જાતનું વાવેતર કરવું

● લીબુમાં થડેથી નીકળતા પીલા દૂર કરવા તથા ભલામણ મુજબના ખાતરો આપી દેવા.

નિકાસ દ્વારા વૈશ્વિક બજારોમાં સારા ભાવ મેળવવા માટે ધ્યાનમાં રાખવાના મુદાઃ

● કરાર આધારિત ખેતી પદ્ધતિ દ્વારા ખેડૂતોએ નિકાસકાર કંપની કે વેપારી સાથે સમન્વય કરવો જોઈએ.

● ખેડૂતોએ પોતાની પેદાશ ક્યાં આંતરાષ્ટ્રીય બજારમાં વેચવાથી વધુ ભાવ મળે તે નક્કી કરવું જોઈએ.

● આંતરાષ્ટ્રીય બજારમાં કઈ પધ્ધતિથી વેચાણ કરવું તે નક્કી કરવું જોઈએ જેમ કે, સીધું વેચાણ અથવા એજન્ટ દ્વારા વેચાણ.

● જંતુનાશકોના અવશેષો રહિત ઉત્પાદન મળે તેવું અગાઉથી જ આયોજન કરવું જોઈએ.

● ખેત પેદાશોનો બગાડ ન થાય તેના માટે યોગ્ય ગ્રેડિંગ કરી આકર્ષક પેકિંગ કરવું જોઈએ.

# કિચન ગાર્ડન અને તેનું મહત્વ

બગીચામાં ખેતીકાર્ય માટે ઉપયોગી નાના સાધનો જેવા કે કોદાળી, દાતરડા, ખુરપી, પાવડો, પંજેઠી, દવા છાંટવાનો પંપ વગેરે રાખવા ખાસ આવશ્યક છે.

શાકભાજીની વિશિષ્ટ લાક્ષણિકતાઓ

● ગાજરઃ આંખોનું તેજ વધારે છે. અને મોતીયા સામે રક્ષણ આપે છે.

● કાકડી અને દુધીઃ કમળો તેમજ કબજિયાત મટાડવામાં ઉપયોગી છે.

● મેથીઃ અપચો અને લિવરના રોગો સામે રક્ષણ આપે છે.

● મુળાઃ લિવરને લગતી બીમારી દુર કરે છે.

● કારેલા, ગલકા, તુરીયાઃ ડાયાબિટીસ, દાજેલા ઘા રુજવામાં મદદ કરે છે.

● ટામેટાંઃ લોહીના શુધ્ધિકરણમાં ઉપયોગી છે

● ડુંગળીઃ રુધિરમાં શર્કરાનું પ્રમાણ ઘટાડે છે.

● લસણઃ હદય રોગ સામે રક્ષણ પૂરું પડે છે.

● બ્રોકોલી અને કોબીજઃ કફ, કેન્સર અને તાવ સામે પ્રતિકારકતા પૂરી પડે છે.

● કોબીફલાવરઃ સ્કર્વી તથા રુધિરાભિસરણમાં ઉપયોગી છે.

શાકભાજીમાંથી મળતા પોષકતત્વો :

(૧) પ્રોટીન

શાકભાજી/ફળઃ ફુલાવર, લીલા વાલ, બ્રોકોલી, કોબીજ, લીલા મગ, લીલી ચોળી, લીલી તુવેર, લીલા ચણા, વાલોળ, સફેદ મશરૂમ, જામફળ, ફણગાવેલા મગ, વટાણા, વાલ, ગુવાર, ચોળા.

(૨) કાર્બોદિત પદાર્થોઃ

શાકભાજીઃ બટાકા, બીટ, મકાઈ, સક્કરીયા, લીલા વટાણા, ગાજર, બ્રોકોલી, વાલ, ચોળા, ફળ : કેળા, પપૈયાં, નારંગી, દ્રાક્ષ, સફરજન.

(૩) ચરબીઃ વિટામીન A, વિટામીન D, વિટામીન E, અને વિટામીન K એ ફેટમાં દ્રાવ્ય છે. એટલે



કે તે ચરબીની સાથે જ શરીરમાં વહન, પાચન અને શોષણ થઈ શકે છે. ચરબી એ સજીવો માટે અત્યંત જરૂરી એવા ફેટી એસિડનો સ્રોત છે.

મગફળી, સોયાબીન, સૂર્યમુખી, રાઈ, નાળિયેર, ઓલીવ તેલ.

જુદા જુદા વિટામીન અને ક્ષારોના કાર્યો અને એના સ્રોત વિશે માહિતી.

(૧) વિટામીન એઃ શાકભાજીમાં રેટીનોલ નામનું રસાયણ હોય છે જે રતાંધળાપણું દુર કરે છે. આ સામાન્ય રીતે શરીર વધાવાવા માટે અને પુષ્ટ થવા માટે જરૂરી છે. આંખોને પણ આનાથી જ શીતળતા મળે છે સ્ત્રોતઃ તાંદળજો, ગાજર, ટામેટા, રીંગણ, ચોળી, મરચા, દૂધ, ઘી, માખણ, વગેરેમાંથી મળી રહે છે

ડો મીનાક્ષી બારીયા, સહ પ્રાધ્યાપક, ડો તૃપ્તિ ડોડીયા, મદદ. પ્રાધ્યાપક, અને પ્રો વી. એસ પરમાર, મદદ.પ્રાધ્યાપક કૃષિ મહા વિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારિયા

(૨) વિટામીન સીઃ હાડકા અને દાંતની મજબૂતાઈ માટે તથા લોહ્તત્વના શોષણ માટે ઉપયોગી છે. તેની ઉણપથી સ્કર્વી નામનો રોગ થાય છે. સ્ત્રોતઃ મરચા, પાંદડાવાળા શાકભાજી, ગાજર, શક્કરિયા, તાંદળજો, કોબીજ, ગાજર, વટાણા, વાલ, ચોળી, ટામેટાં અને ખાટા ફળ ખાસ કરીને આમળાની અંદર વધારે પ્રમાણમાં મળી આવે છે.

(૩) વિટામીન ઈ : લોહીમાં લાલ રક્તકણોને બનાવવાનું કામ કરે છે. આ વિટામીન શરીરમાં એન્ટિ-ઓક્સિડન્ટનું કામ કરે છે. આ વિટામીનની ઉણપથી કોઈ પણ રોગનો ચેપ જલ્દી લાગી શકે છે.

સ્ત્રોતઃ આ તેલ અનાજના દાણા, વટાણા, પાલક, બદામ, મગફળી વગેરેની અંદર મળી આવે છે.

(૪) વિટામીન કે : શરીર માટે અગત્યનું વિટામીન છે. આ વિટામીન શરીરમાં ગમે ત્યાંથી થતાં રક્તસ્ત્રાવને અટકાવવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. વિટામીન કેની ઉણપથી લોહી પાતળું થવું, રક્ત સ્ત્રાવ થવો અને આંતરડાનો સોજો આવી જાય છે. યકૃત બગડે, ક્ષયના રોગ, શરીરમાં ગાંઠ થઈ હોય, ઓપરેશન પહેલાં અને પછી લોહીનો સ્ત્રાવ ન થાય અથવા તો ઓછો થાય એ માટે વિટામીન કેનો ઉપયોગ કરાય છે. સ્ત્રોતઃ વિટામીન કે પાલક, મૂળા, ગાજર, ઘઉં, સોયાબિનનું તેલ, દૂધ, લીલાં શાકભાજી, લીંબુ, ચોખાં, ઘી, સંતરા, રસદાર ફળોમાંથી મળે છે.

(૫) વિટામીન ડી : બાળકોના કુપોષણને રોકનાર છે- જો બાળક વધારે પડતું સુકાઈ ગયું હોય તો બાળકને તે સહન કરી શકે તેટલા તડકામાં રાખો અને દ્રાક્ષનો રસ દૂધની પહેલાં અથવા દૂધ પછી પીવડાવવામાં આવે તો થોડાક જ દિવસની અંદર બાળકનું સુકાપણું હટી જશે. શરીરમાં હાડકાં બનાવવામાં અને એને જાળવવામાં મદદ કરે છે. સ્ત્રોતઃ વિટામીન ડીનો સૌથી મોટો સ્ત્રોત સૂર્યકિરણો છે. આ સિવાય ગાજર, ટામેટાં, નારંગી, લીલા શાકભાજી, નારિયેળ, માખણ, પપૈયું, દહીં, ઘી, બીટ અને મૂળામાંથી મળે છે.

(૬) વિટામીન બી ૨ : આની ઉણપથી ત્વચા, જીભ, હોઠ ફાટી જાય છે. આ ખાસ કરીને ઘઉં, પાલક, મગફળી, દૂધ વગેરેની અંદરથી મળી આવે છે.

મુખ્ય ક્ષારો :

(૧) કેલ્સિયમઃ હાડકા અને દાંતના બંધારણમાં કેલ્સિયમ અતિ ઉપયોગી છે. અંગોના હલનચલન, સ્નાયુઓના સંકોચન વિસ્તરણમાં મહત્વનું છે. સ્ત્રોતઃ ગાજર, સૂરણ, વટાણા, ચોખા, ભીંડો, સરગવો વગેરે

(૨) ફોસ્ફરસઃ કેલ્સિયમનો ઉપયોગ ફોસ્ફરસ હોય તોજ થાય છે. હાડકા અને દાંતના બંધારણમાં ઉપયોગી છે. કાર્બોદિત અને ચરબીયુક્ત પદાર્થોના પાચન માટે જરૂરી છે.

સ્ત્રોતઃ કાકડી, સકરટેટી, કોબીજ, લસણ

(૩) લોહતત્વઃ રક્તકોષોમાં રહેલા હિમોગ્લોબીનના સંશ્લેશણમાં અગત્યનો ભાગ ભજવે છે. સ્ત્રોતઃ કાકડી, પાલક, કોબીજ, ગાજર, તડબુચ, બટાકા, બ્રોકોલી, ટમેટા, મેથીની ભાજી, તાન્દળજાની ભાજી, વગેરે. આમ, આહારમાં વિવિધ શાકભાજીનો ઉપયોગ કરવાથી અનેક ફાયદા થાય છે. તેથી જો દરેક ગૃહિણી કિચન ગાર્ડનીંગ કરે તો ઘરના વપરાશ માટે તાજા, સ્વચ્છ, જંતુનાશક દવારહિત અને મનપસંદ શાકભાજી મેળવી શકાય છે અને તેથી કુટુંબના સભ્યોની તંદુરસ્તી જાળવી શકાય છે અને રોજબરોજની શાકભાજી કિચન ગાર્ડનમાંથી ઉપલબ્ધ થતી હોય તેથી ઘરખર્ચ પણ ઘટાડી શકાય છે. તેથી જેટલું શક્ય હોય તેટલું કિચન ગાર્ડન બનાવવો જોઈએ અને વળી એમાં શક્ય હોય એટલું સજીવ ખેતીથી શાકભાજીનો ઉછેર કરવો જોઈએ, કેમકે આપણે જયારે માર્કેટમાંથી ઓર્ગેનિક શાકભાજી અને ફળ લઈએ ત્યારે આપણે તેના ડબલ ભાવ આપીને ખરીદીએ છીએ તો જો આપણને આ દવા વગરના શાકભાજી આપણા જ કિચન ગાર્ડનમાંથી મળે તો આપણને પણ ઉંચી ગુણવતાવાળા શાકભાજી ખાવા મળે અને પૈસાની પણ સારી એવી બચત કરી શકીએ.

# નવી એજ્યુકેશન પોલીસી મામલે પ્રધાનમંત્રીએ રિવ્યુ બેઠક યોજી

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૦૮

પીએમઓ તરફથી જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, સ્કૂલ છોડી ચૂકેલા બાળકોને ફરીથી મુખ્ય ધારામાં સામેલ કરવાથી લઈને ઉચ્ચ શિક્ષણમાં મલ્ટિપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટની વ્યવસ્થા શરૂ કરવા માટે ઘણા બધા ટ્રાન્સફોર્મેટ સુધારાઓ કરવાની પહેલ કરવામાં આવી છે. જે દેશની પ્રગતિમાં અસરકારક સાબિત થશે.

બેઠક દરમિયાન પ્રધાનમંત્રીને રાષ્ટ્રીય સંચાલન સમિતિ હેઠળ તૈયાર કરવામાં આવી રહેલા રાષ્ટ્રીય પાઠ્યક્રમ રૂપરેખાની પ્રગતિની જાણ કરી. આ દરમિયાન તેમણે કહ્યું કે



ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ આ પ્રકારે વિકસિત કરવામાં આવે કે સ્કૂલે જતા બાળકોને ઓછામાં ઓછા જોખમનો સામનો કરવો પડે. નેશનલ એજ્યુકેશન પોલિસીના ઈમ્પ્લીમેન્ટેશનનો પ્રાધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રિવ્યુ કર્યો છે. તેમણે કહ્યું કે, ઈક્વિટી, ગુણવત્તા, સસ્ટેનેબિલિટી અને જવાબદારીના ઉદેશ્યને હાંસલ કરવાની દિશામાં છેલ્લા બે વર્ષમાં ઘણા પગલા ઉઠાવ્યા છે.

# ભીલવાડામાં ૧૦ યુવકોએ ત્રણ ટીમ બનાવી તનાવ ફેલાવવાનું કાવતરૂ ઘડયું હોવાનો ખુલાસો

(એ.આર.એલ),ભિલવાડા,તા.૮

રાજસ્થાનના ભિલવાડા શહેરમાં સાંપ્રદાયિક તનાવ ફેલાવવા મોટું કાવતરૂ રચવામાં આવ્યું હતું. પોલીસે આ કાવતરાનો ખુલાસો કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક સામગ્રી જોઈ ભિલવાડામાં ૧૦ હિન્દુ યુવકોએ ત્રણ જુથ બનાવી બે જગ્યાઓ પર મુસલમાનો પર હુમલો કર્યો હતો. ભિલવાડામાં તનાવને લઈ પોલીસે કહ્યું કે ૧૦ હિન્દુઓએ ત્રણ જુથ બનાવ્યા હતાં ત્યારબાદ બે જગ્યા પર મુસલમાનો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ યુવકોએ સોશિયલ મીડિયા પર ઉશ્કેરણી સામગ્રી જોઈ મુસ્લિમો પર હુમલાનું કાવતરૂ રચ્યું હતું પોલીસે આ મામલામાં એક વ્યક્તિની ધરપકડ કરી છે બાકીના ફરાર છે. હકીકતમાં ભિલવાડા શહેરમાં સાંગાનેરમાં બુધવારે મોડી રાતે બે યુવકો પર અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો એટલું જ નહીં અહીં બાઈકને પણ આગને હવાલે કરી દીધી હતી ત્યારબાદ વિસ્તારમાં તનાવ ઉભો થયો હતો તેને જોતા પ્રશાસને વિસ્તારમાં ૨૪ કલાક માટે ઈન્ટરનેટ પર રોક લગાવી દીધી હતી. ભિલવાડા જીલ્લાના કલેકટર આશીષ મોદીએ કહ્યું કે હવે સ્થિતિ નિયંત્રણમાં છે અને ઈજા પામેલાઓની સ્થિતિ સ્થિર છે. જો કે શરૂઆતમાં કેટલાક લોકોએ હુમલાખોરોની ધરપકડની માંગને લઈને ઈજા પામેલાઓને હોસ્પિટલ લઈ જવાનો વિરોધ કર્યો હતો.

# ગૌરવ : ભારત - નેપાળ વચ્ચે શ્રી રામાયણ યાત્રા ટ્રેન દોડશે

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૦૮


ભારતીય રેલવે દ્વારા ચલાવવામાં આવતી દેશની પ્રથમ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન 'શ્રી રામાયણ યાત્રા' ભારત અને નેપાળ બંને દેશોને જોડશે. રેલ્વે મંત્રાલયે ટ્રેન ભાડે આપવા માટે નવી યોજના ભારત ગૌરવ શરૂ કરી છે. ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન હેઠળ દોડનારી આ દેશની પ્રથમ ટ્રેન છે, જેનું સંચાલન ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. આ ટ્રેનનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે, આ ટ્રેન આવતા મહિને ઉપડશે. રેલ્વે મંત્રાલયે ટ્રેન ભાડે આપવા માટે નવી યોજના ભારત ગૌરવ શરૂ કરી છે. આ અંતર્ગત દોડનારી પ્રથમ ટ્રેન ભારત અને નેપાળ બંને દેશોને જોડશે. આ ટ્રેન નેપાળના જનકપુર સુધી જશે, જ્યાં રામજાનકી મંદિર છે. રેલ્વે મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટ્રેન સમગ્ર પ્રવાસમાં ૮૦૦૦ કિલોમીટરનું અંતર કાપશે.

# મહારાષ્ટ્રના ડોમ્બિવલીમાં બાળકને બચાવવા જતાં એક જ પરિવારના પાંચ સભ્યોના ડુબી જતા મોત

(એ.આર.એલ),મુંબઈ,૮

મહારાષ્ટ્રમાં એક ખાણમાં મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં, ડોમ્બિવલીમાં પાણીથી ભરેલી ખાણમાં પડી જવાથી એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા છે. મૃતકોમાં ત્રણ બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. ગ્રામજનોએ જણાવ્યું કે, ગામમાં પાણીની અછત હોવાથી પરિવારના સભ્યો અહીં કપડાં ધોવા ગયા હતા. અહીં બે મહિલાઓ કપડા ધોવા ગઈ હતી.

આ દરમિયાન એક બાળક તેમાં પડી ગયો, જેને બચાવવા માટે મહિલા અંદર કૂદી પડી અને આ અકસ્માતમાં તમામ ૫ લોકોના મોત થયા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અહીં



એક મહિલા અને તેની પુત્રવધૂ કપડાં ધોતા હતા. મહિલાના ત્રણ બાળકો અહીં નજીકમાં બેઠા હતા. આ દરમિયાન એક બાળક લપસીને પાણીમાં પડી ગયો હતો. તેને બચાવવા માટે પરિવારના સભ્યો એક પછી એક કૂદી પડ્યા અને તેમાં ડૂબીને જીવ ગુમાવ્યો હતો. બાળકને બચાવવા ચાર લોકો તેમાં કૂદી પડ્યા હતા, પરંતુ આ તમામ લોકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા.

# બેંગ્લોરે હૈદરાબાદને ૬૭ રને હરાવીને પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી

મુંબઈ તા.૮

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સનરાઈઝર્સ હૈદરાબાદને ૬૭ રને હરાવીને ૧૪ પોઈન્ટ સાથે પ્લેઓફની આશા જીવંત રાખી હતી. આજે ટોસ જીતીને બેંગ્લોરે પ્રથમ બેટીંગ કરી હતી. વિરાટ કોહલી ફરી ગોલ્ડન ડકનો શિકાર થયો હતો. કેપ્ટન ફાફ ડુ પ્લેસીસે અણનમ ૭૩ રન, રજત પાટીદારે ૪૮ રન,ગ્લેન મેક્સવેલે ૩૩ રન અને દિનેશ કાર્તિકે તાબડતોબ ૩૦ રન બનાવતાં બેંગ્લોરે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૯૨ રન બનાવ્યાં હતાં. જેમાં હૈદરાબાદ તરફથી જગદીશ સુચિતે બે અને કાર્તિક ત્યાગીએ એક વિકેટ લીધી હતી. ૧૯૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં હૈદરાબાદ ૧૯.૨ ઓવરમાં ૧૨૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જેમાં રાહુલ ત્રિપાઠી ૫૮, એડન માર્કરમના ૨૧ રન સિવાય કોઈ બેટ્સમેન રન બનાવી શક્યાં ન હતાં. બેંગ્લોર તરફથી વાણિન્દુ હસરંગાએ ૧૮ રનમાં પાંચ, જોશ હેઝલવુડે બે અને ગ્લેન મેક્સવેલ અને હર્ષલ પટેલે એક - એક વિકેટ ઝડપી હતી.

# ખુલાસો : કરનાલમાં પકડાયેલા આતંકીઓ મુંબઈની ટ્રેનોમાં બ્લાસ્ટ કરવાના હતા

ચંડીગઢ,તા.૮

હરિયાણાના કરનાલમાં પકડાયેલા આતંકીઓની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે. તેણે કહ્યું છે કે પાકિસ્તાનથી કાર્યરત આતંકવાદી હરવિંદર સિંહ રિંડાએ માર્ચમાં મહારાષ્ટ્રના નાંદેડમાં આરડીએક્સનો મોટો માલ મોકલ્યો હતો, જેના દ્વારા મુંબઈની લોકલ ટ્રેનો અને પેસેન્જર ટ્રેનોમાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવાનું કાવતરું



ઘડવામાં આવ્યું હતું. સૂત્રોને ટાંકીને આ માહિતી મળી છે. હરિયાણાના કરનાલમાં ગુરુવારે સવારે પોલીસે ચાર ખાલિસ્તાની આતંકવાદીઓની ધરપકડ કરી હતી. નેશનલ હાઈવે પરથી આ ધરપકડ કરવામાં આવી હતી અને આ આતંકીઓ ઈનોવા વાહનમાં હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા અને ચારેય પંજાબના રહેવાસી છે. આતંકવાદીઓની ઓળખ ગુરપ્રીત, અમનદીપ, પરવિંદર અને ભૂપિન્દર તરીકે થઈ હતી અને આ આતંકવાદીઓ બબ્બર ખાલસા સાથે સંકળાયેલા હતા.

# ચેન્નાઈએ દિલ્હીને જીતવા માટે ૨૦૯ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ તા.૮

મુંબઈ ખાતે રમાઈ રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપીટલ્સ વચ્ચેની મેચમાં ચેન્નાઈએ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. જે સફળ પુરવાર થયો હોય તેમ બન્ને ઓપનરે સારી શરૂઆત કરી હતી અને ૧૧૦ રનની ભાગીદારી કરી હતી. ઋતુરાજ ગાયકવાડ ૪૧ રન બનાવીને આઉટ થયો હતો. ડેવોન કોનવેએ ૮૭ રન તથા શિવમ દુબેએ ૩૨ અને ધોનીએ અણનમ ૨૧ રનનું યોગદાન આપતાં ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૮ રન બનાવ્યાં હતાં. દિલ્હી તરફથી એનરિક નોકર્યાએ ૩, ખલીલ અહેમદે બે અને મિચેલ માર્શે એક વિકેટ ઝડપી હતી.

આ લખાય છે ત્યારે દિલ્હીએ ૨૦૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ૪ ઓવરમાં ૧ વિકેટે ૩૨ રન બનાવી લીધા હતાં.

# યુપીના સહારનપુરમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ : ચારના મોત

સહારનપુર,તા.૮

ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લામાંથી દર્દનાક સમાચાર સામે આવ્યા છે. અહીં એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળી હતી. આ વિસ્ફોટમાં ફેક્ટરી ઓપરેટર રાહુલ સહિત ત્રણ કામદારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે, આખી ફેક્ટરી જમીનદોસ્ત થઈ ગઈ હતી અને તેમાં પાર્ક



કરેલી કાર અને બાઈકના પણ કુરચા ઉડી ગયા હતા. એટલું જ નહીં આ બ્લાસ્ટનો અવાજ ૫ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, વિસ્ફોટના કારણે પોલીસને ૫૦૦ મીટર દૂર સુધી મૃતદેહોના ભાગો વિખરાયેલા જોવા મળ્યા હતા. જે ફેક્ટરીમાં આ અકસ્માત થયો છે, તે સહારનપુર જિલ્લાના સરસાવા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ગોવિંદપુરના જંગલમાં સ્થિત છે. ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ થયાની માહિતી મળતા જ સરસવા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

# ઈન્દોરમાં માથાભારે પ્રેમીને કારણે સાત લોકો જીવતા ભુંજાયા હોવાનો ઘટસ્ફોટ

(એ.આર.એલ),ઈન્દૌર,તા.૮

ઈન્દોર શહેરના વિજય નગરમાં શનિવારની સવાર ગોઝારી બની. ઈમારતમાં આગ લાગી જેમાં સાત લોકોના જીવ ગયા. આગની આ ઘટનામાં મોડી સાંજે પોલીસ તપાસમાં જે ખુલાસો થયો તેનાથી બધાના પગ નીચેથી જમીન સરકી ગઈ. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આ આકસ્મિક ઘટના નહતી પરંતુ એક ષડયંત્ર હતું અને ષડયંત્રમાં સામેલ યુવક આ જ બિલ્ડિંગમાં પહેલા ભાડે રહેતો હતો. ઝાંસીના માથાભારે પ્રેમીએ આ ગોઝારી ઘટનાને અંજામ આપ્યો. પોલીસ કમિશનર હરિનારાયણ ચારી મિશ્રએ શનિવારે જ પ્રેસ કોન્ફરન્સ કરીને આ ખુલાસો કર્યો. તેમણે જણાવ્યું કે આરોપી યુવતી પર લગ્ન માટે દબાણ કરતો હતો પરંતુ યુવતી ના પાડતી હતી. આ વાતથી શુભમ નારાજ હતો. સીસીટીવીની તપાસ કરતાં જેમાં સ્પષ્ટપણે દેખાતું હતું કે એક યુવકે સ્કૂટીમાં આગ લગાવી દીધી. તપાસ બાદ આરોપીની ઓળખ થઈ અને પછી તેની ધરપકડ થઈ. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે શુભમ દિક્ષિતે પ્રેમિકાના સ્કૂટીમાં આગ લગાવી દીધી જે થોડીવારમાં સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ જેને કારણે સાત લોકો જીવતા ભૂંજાઈ ગયા. જ્યારે ૯ લોકો ઘાયલ થયા હતાં.

# પાકિસ્તાન બોર્ડર પર ડ્રોન દેખાતા જ બીએસએફએ કર્યું ફાયરીંગ

(એ.આર.એલ),જમ્મુ,તા.૮

જમ્મુના અરનિયા સેક્ટરમાં શનિવારે સાંજે બીએસએફએ ડ્રોનની ગતિવિધિ શોધી કાઢી હતી અને સતત ગોળીબાર કર્યા બાદ તેને પરત ફરવા માટે મજબૂર કર્યું હતું. બીએસએફના અધિકારીઓએ આ ઘટનાની માહિતી આપી છે. અધિકારીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલ ડ્રોનને ૭.૨૫ વાગ્યે અરનિયા વિસ્તારમાં ભારતીય બાજુથી બીએસએફના જવાનોએ જોયું હતું.

ડ્રોન ભાગ્યે જ ઈન્ટરનેશનલ બોર્ડર ઓળંગ્યું હોવું જોઈએ, જ્યારે એલર્ટ બીએસએફ સૈનિકોએ ડ્રોન પર છ રાઉન્ડ ફાયરિંગ કર્યું, જેના



પછી તરત જ પાક ડ્રોન પાછું ફર્યું. બીએસએફએ કહ્યું કે આ ઘટના બાદથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી રહી છે.

જમ્મુમાં ડ્રોન દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં કાર્યરત આતંકવાદીઓને પાકિસ્તાનમાંથી શસ્ત્રો છોડવાના અનેક કિસ્સા છે. ત્રણ દિવસ પહેલા સેનાએ ચક ફકીરા વિસ્તારમાં એક અંડરગ્રાઉન્ડ ટનલ શોધી કાઢી હતી.

# પ્રેમલગ્ન કરનાર કોડીનારની વિપ્ર યુવતીને સાસરીયામાં ત્રાસ

કોડીનાર તા.૮

કોડીનારમાં રહેતી વિપ્ર યુવતીએ કુંકાવાવના માયાપાદર ગામે રહેતાં એક શખ્સ સાથે પ્રેમલગ્ન કર્યા બાદ પતિ તરફથી મારકૂટ અને ધાકધમકી મળતાં યુવતીએ કોડીનાર આવી પોતાના પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. કોડીનારના રમેશભાઈ થાનકીની પુત્રી પ્રતિભાએ કુંકાવાવ તાલુકાના માયાપાદર ગામના હિંમત સામતભાઈ સોલંકી સાથે દોઢ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતાં. લગ્ન કર્યા બાદ યુવતી પોતાના સાસરીયામાં રહેવા માટે ગઈ હતી. પરિણીતાને સાસરીયામાં થોડા સમય સારી રીતે રાખ્યા બાદ પતિ હિંમત સોલંકીએ પોત પ્રકાશ્યું હતું. પરિણીતાને તું મને ગમતી નથી તેમ કહી મારકૂટ કરતો હતો. લગ્નજીવન બાદ પરિણીતાએ પુત્રીને જન્મ આપતાં પતિ વધુ ઉશ્કેરાયો હતો અને મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે પરિણીતાએ કોડીનાર આવી પોતાના પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# શીતલ કંપનીનો આઈસ્ક્રીમ હવે નેપાળમાં પણ ચાખવા મળશે

## કાશ્મીરમાં પણ અમરેલીની બોલબાલા શ્રીનગરમાં ૪૦૦થી વધુ દુકાનોમાં શીતલ આઇસ્ક્રીમનું વેચાણ

અમરેલી તા.૮

ગુજરાતમાંથી કોઈ કાશ્મીર ફરવા ગયું હોય અને તેને આઈસ્ક્રીમ ખાવાની ઈચ્છા થાય તો ત્યાં પણ હવે તેમને ગુજરાતમાં જ બનેલો આઈસ્ક્રીમ ખાવા મળશે. અમરેલી શહેરની આઈસ્ક્રીમ બનાવતી કંપની શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડે કાશ્મીરમાં પુલવામા અને શ્રીનગરમાં ૪૦૦થી વધુ દુકાનોમાં વેચાણ શરૂ કર્યું છે. મેનેજિંગ ડિરેક્ટર ભૂપતભાઈ ભૂવાએ જણાવ્યું હતું કે અમે ધીમે ધીમે આગામી એક કે બે વર્ષમાં સમગ્ર કાશ્મીરમાં અમારું વેચાણ શરૂ કરવાનો ટાર્ગેટ રાખીએ છીએ. કાઠમંડુ અને પોખરામાં આઈસ્ક્રીમની નિકાસ શરૂ કરતા ભૂપતભાઈએ જણાવ્યું હતું કે અમે ૧ મેના રોજ




નેપાળમાં પણ નિકાસ કરવાની શરૂઆત કરી છે. નેપાળના કાઠમંડુ અને પોખરા ડિસ્ટ્રિક્ટમાં આઈસ્ક્રીમ મોકલવાની શરૂઆત કરી છે. હાલમાં અમરેલીથી ૨ કન્ટેનર આઈસ્ક્રીમ નેપાળ સપ્લાય કરવામાં આવ્યો છે. નેપાળ ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરમાં પણ આઈસ્ક્રીમની નિકાસ કરવામાં આવે છે. હાલ અમારા ટોટલ બિઝનેસમાં નિકાસનો શેર ખૂબ જ ઓછો છે, પણ અમે આવનારાં અમુક વર્ષોમાં નિકાસ વધારવા પર ફોકસ કરી રહ્યા છીએ.

ભૂપતભાઈએ કહ્યું હતું કે અમને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી તેમના હસ્તકના ૫૦ ગાર્ડનમાં આઈસ્ક્રીમ આઉટલેટ શરૂ કરવાની મંજૂરી મળી છે. આમાંથી ૧૦ ગાર્ડનમાં આ મહિનાના અંત સુધીમાં પાર્લર શરૂ થઈ જશે. ગુજરાતના સૌરાષ્ટ્રના નાના શહેર અમરેલીમાં આજથી ૩૫ વર્ષ પહેલાં ભૂવા પરિવારના ચાર ભાઈઓમાંથી સૌથી મોટા દીકરા જગદીશભાઈ ભૂવાએ બસ સ્ટેન્ડ સામે શીતલ પાન પાર્લર અને સોડા શોપ નામથી દુકાન શરૂ કરી હતી. એમાં હાથે બનાવેલા આઈસ્ક્રીમ અને લસ્સીનું વેચાણ શરૂ કર્યું હતું. વર્ષ ૧૯૯૭માં જગદીશભાઈનું અવસાન થયું અને ત્યાર બાદ તેમના નાના ભાઈ ભૂપતભાઈએ વર્ષ ૨૦૦૦માં કંપનીની બાગડોર સંભાળી હતી. એક નાનકડી દુકાનમાંથી શરૂ થયેલી કંપની આજે રૂ. ૩૨૫ કરોડથી વધુનું ટર્નઓવર કરતી કંપની બની ગઈ છે.

# સરળીકરણ : રાજ્યમાં મહેસૂલી પ્રક્રિયા સરળ બનાવવા મુખ્યમંત્રીએ કર્યો મહત્વનો નિર્ણય

(એ.આર.એલ) ગાંધીનગર,તા.૮



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહેસૂલ વિભાગના જુના પુરાણા વર્ષો જુના અને નાબૂદ થયેલા ૨૪ જેટલા વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓના સંદર્ભમાં નવી/જુની શરતની અસમંજસતાથી ઉદભવતા લોકોના પ્રશ્નોનો સરળ અને પારદર્શી નિરાકરણનો અભિગમ અપનાવ્યો છે. અગાઉ આ સંદર્ભમાં કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હોવાને કારણે પ્રશ્નોના નિવારણ માટે અરજદારોને રાજ્ય કક્ષા સુધી આવવું પડતું હતું. પરિણામે મહેસૂલ વિભાગની કામગીરીનું ભારણ વધતુ અને જુદા જુદા અર્થઘટનોને કારણે આવા પ્રશ્નોના નિવારણમાં ખુબ વિલંબ થતો હતો. મુખ્યમંત્રી સમક્ષ આ વિષય આવતા તેમણે ત્વરીત નિર્ણાયકતાથી આ સમગ્ર બાબતનું સુચારૂ નિરાકરણ લાવવા મહેસૂલ મંત્રી અને મહેસૂલ વિભાગને દિશાનિર્દેશ આપ્યા હતાં. મહેસૂલ મંત્રી ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, મહેસૂલી વહીવટમાં સરલીકરણની ભલામણો માટે રચાયેલી સી.એલ. મીના સમિતિના અહેવાલનો મહદઅંશે સ્વીકાર કરતા મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. આના પરિણામ સ્વરૂપે મહેસૂલ વિભાગે આવા નાબૂદ થયેલા ૨૪ જેટલા કાયદાઓની બાબતમાં અગાઉ નવી અને જુની શરતની જમીનો બાબતે પ્રવર્તતી અસમંજસતા-દ્વિધા દુર કરવા વિસ્તૃત કાર્ય આયોજન કર્યુ છે અને આ અંગેની વિગતવાર સૂચનાઓ મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે.

# અંબાલાલની આગાહી : રાજ્યમાં ૧૫ જૂનથી વરસાદ પડવાની થશે શરૂઆત

ગાંધીનગર, તા.૮



રાજ્યના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરનાં કારણે વાતાવરણમાં સતત પલટો આવી રહ્યો છે. ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, રાજ્યમાં ૧૫મી જૂનથી વરસાદની શક્યતા છે. તેમજ ૧૧ મેથી ૧૭ મે વચ્ચે આંધીનું પ્રમાણ વધવાની સાથે જ સૌરાષ્ટ્રના ભાગો ઉત્તર ગુજરાતના ભાગો, મધ્ય ગુજરાતના ભાગો અને દરિયા કિનારાના કેટલાક ભાગોમાં વરસાદ પડશે. જેને પ્રી મોન્સૂન એક્ટિવિટી ગણી શકાય. હવામાન નિષ્ણાત અંબાલાલે આ વર્ષે ચોમાસુ સારું રહેવાની આગાહી કરી છે. જે મુજબ ૧૫મી જૂનથી વરસાદની શરૂઆત થવાની શક્યતા છે. ઉપરાંત ૧૮ મેથી ૫ જૂન વચ્ચે અરબી સમુદ્રમાં હવામાનમાં પલટો આવશે. સાથે જ વાવાઝોડું પણ સક્રિય થવાનું અનુમાન હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે વ્યક્ત કરી છે. ચક્રવાત હળવા પ્રકારનું હોઈ શકે છે. પરંતુ ચક્રવાતના કારણે મે મહિનામાં કેટલાક ભાગોમાં મધ્યમ વરસાદ પડી શકે છે. આ વર્ષનું ચોમાસુ ૧૫ જૂનની આસપાસ શરૂ થવાનું અનુમાન છે. શરૂઆતનું ચોમાસુ સારું રહેશે. પરંતુ મેં મહિનામાં આંધીનું પ્રમાણ વધુ રહેશે. જેના કારણે બાગાયતી પાકને નુકસાન થવાની શકયતા છે. હવામાન વિભાગ દ્વારા પણ દેશમાં જૂનથી સપ્ટેમ્બર વચ્ચે ૯૯ ટકા વરસાદ થવાની સંભાવના છે તેમજ ૯૯ ટકાથી ૫ ટકા ઓછો અથવા વધુ વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

# કોરોના વિસ્ફોટ : અમદાવાદના એનઆઈડી કેમ્પસનાં ૨૪ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ

અમદાવાદ, તા.૮




રાજયમાં ફરી એકવાર કોરોના વકર્યો હોય તેવા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે પાલડી NID કેમ્પસમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓ કોરોનાં પોઝિટિવ આવ્યા છે. કોરોનાના કેસોને પગલે પાલડી NID કેમ્પસને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં આ કેસો નોંધાયા હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. કોરોના પોઝિટિવ આવેલા તમામ વિદ્યાર્થીઓને હાલમાં આઈસોલેટ કરવામાં આવ્યા છે. જે કોરોના પોઝિટિવ વિદ્યાર્થીઓ છે તેમાં કેટલાક વિદ્યાર્થીઓ વિદેશના અને કેટલાક સ્થાનિક વિદ્યાર્થીઓ છે. હાલમાં કોરોના પોઝિટિવ વિદ્યાર્થીઓની વિદેશની અથવા કોઈપણ અન્ય ટ્રાવેલ હિસ્ટ્રી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

# મોરબી-માળીયા હાઈવે પર ત્રિપલ અકસ્માત : પાંચના મોત

## કારનું ટાયર ફાટતા સર્જાયો અકસ્માત, ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત

મોરબી, તા.૮



મોરબી-માળીયા હાઈવે ઉપર અમરનગર અને લક્ષ્મીનગર વચ્ચે આવેલી હોટલ પાસે કારનું ટાયર ફાટતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં સામખીયાળી નજીક કટારીયા ગામે માતાજીના દર્શન કરી પરત ફરી રહેલા મોરબીના વકીલ પીયૂષ રવેશિયાના માતા-પિતા અને તલાટી બહેન સહિત કુલ પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં મહેન્દ્ર પ્રાગજીભાઈ રવેશિયા, સુધાબેન મહેન્દ્રભાઈ રવેશિયા, મહેન્દ્રભાઈના પુત્રી જિજ્ઞાબેન જિગરભાઈ જોબનપુત્રા અને જિજ્ઞાબેનના પાંચ વર્ષના બાળકનું તેમજ માધાપર કચ્છના ભુડિયા જાદવજીભાઈ રવજીભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. આ અકસ્માતમાં કારનું ટાયર ફાટયા બાદ સામે અન્ય એક કાર સાથે અકસ્માત થવાની સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો પ્રવાસ કરી પરત ફરી રહેલા કચ્છના પરિવારની ટેમ્પો ટ્રાવેલ્સ પણ અકસ્માતનો ભોગ બનતા ટેમ્પો ટ્રાવેલ્સમાં સવાર ૧૦થી વધુ લોકોને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં રાજ્ય સરકારે મૃતકોને ચાર લાખની સહાય અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય જાહેર કરી છે. આ ગંભીર અને ગમખ્વાર અકસ્માતની જાણ થતાં રાજ્યમંત્રી મેરજા, સહકાર અગ્રણી મગન વડાવીયા અને મોરબી લોહાણા સમાજના અગ્રણીઓ મોરબી સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા. આ અકસ્માત અંગે બ્રિજેશભાઈ મેરજાએ તાકીદે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે વાતચીત કરી હતી. તેઓએ મુખ્યમંત્રીને સહાય અંગે રજૂઆત કરતા મુખ્યમંત્રીએ આ મૃતકોને સરકાર તરફથી રૂ. ૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજાર સહાય આપવાની જાહેરાત કરી છે.

# કુંકાવાવમાં કન્ટેનર નીચે બે રાહદારીઓ દબાયા : જેસીબીની મદદથી બહાર કઢાયા

અમરેલી, તા.૮



અમરેલી જિલ્લાના કુંકાવાવમાં પુરપાટ સ્પીડમાં આવી રહેલું ધાણા ભરેલું કન્ટેન્ટર પલ્ટી મારી જતા બે રાહદારી કન્ટેનરની નીચે દબાઈ ગયા હતા. જેઓને ૩ જેસીબી દ્વારા અડધી કલાક મહેનત બાદ બહાર કાઢવામાં આવ્યાં હતા. મળતી વિગતો મુજબ વડિયા-કુંકાવાવ બસ સ્ટેન્ડ નજીકની ગોળાઈ પર ગત રાત્રે અકસ્માતની ઘટના બની હતી. જેમાં ગોંડલ તરફથી રાજુલા તરફ ધાણા ભરેલું કન્ટેનર જઈ રહ્યું હતું. તે દરમિયાન ગોળાઈ પર કાબૂ ગુમાવતા કન્ટેનર પલ્ટી ખાઈ જતા વિજયભાઈ સોલંકી(રહે. કુંકાવાવ) અને બિનિતાબેન ડુંગરભાઈ બાંભનીયા(મું.ખાંભા પીપળીયા) દબાયા હતા. આ ઘટનાને લઈ સરપંચ, તલાટી મંત્રી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ ૩ જેટલા જેસીબીની મદદથી રાહદારીઓને બહાર કઢાયા હતા. તેઓને પગના ભાગે ગંભીર ઈજા થતા ઈજાગ્રસ્ત હાલતમાં પ્રથમ કુંકાવાવ હોસ્પિટલમાં ખસેડાયા હતા બાદમાં વધુ સારવાર માટે રાજકોટ ખાતે રીફર કરાયા છે. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

# ધ્રાંગધ્રા-હરીપર હાઈવે પર કેમિકલ ભરેલા ટેન્કરનો અકસ્માત : ડ્રાઈવર જીવતો ભૂંજાયો

## પાછળ આવતા પાંચ વાહનો આગથી સ્વાહા

સુરેન્દ્રનગર, તા.૮



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા-હરીપર રોડ ઉપર ગઈકાલે સવારે ગમખ્વાર દુર્ઘટના સર્જાવા પામી હતી. જેમાં કેમિકલ ભરેલુ ટેન્કર એક લોડર સાથે અથડાતાં તેમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં એક ટેન્કરનો ડ્રાઈવર જીવતો ભુંજાઈ ગયો હતો અને તેની પાછળ આવતાં ત્રણથી વધુ વાહનો ઘૂસી જતાં પાંચેય વાહનો પણ સળગી ઉઠ્યાં હતાં. જેમાં ધ્રાંગધ્રા-હરીપર રોડ પર બે ટેન્કર ટકરાતાં લાગેલી ભીષણ આગ ઓલાવવા ગયેલા જેસીબીમાં પણ આગ લાગી હતી અને હાલમાં ૩૬ કલાક બાદ પણ હજી હાઈવે બંધ હાલતમાં છે. હાલમાં કચ્છ-માળીયા બાજુએથી આવતા બધા વાહનો વાયા સુરેન્દ્રનગર માલવણ થઈને અમદાવાદ તરફ જઈ રહ્યાં છે.

# ભાવનગરમાં બોર્ડની પરીક્ષામાં બોગસ રસીદોનું મોટું કૌભાંડ હોવાની શક્યતા

(એ.આર.એલ) ભાવનગર,તા.૮

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચમાં લેવાયેલી ધોરણ ૧૦ ની પરીક્ષામાં ઉમરાળાના એક કેન્દ્રમાંથી ડમી પરીક્ષાર્થી ઝડપાયાના મામલે ઉમરાળા પોલીસે સિહોર તાલુકાના અગિયાળી ગામના ૨ મળી ૩ શખ્સોને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરતા શિક્ષણ જગતમાં વધુ એકવાર ખળભળાટ મચી જવા પામ્યો છે. માર્ચ માસમાં લેવાયેલ ધોરણ ૧૦ ની પરીક્ષા દરમ્યાન તારીખ ૨૮-૩ના રોજ ઉમરાળાના એક કેન્દ્રમાં જીજ્ઞેશ રમેશભાઈના બદલે હાર્દિક નામનો ડમી પરીક્ષાર્થી ઝડપાયા સંદર્ભનો ઉમરાળા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. દરમ્યાનમાં ઉમરાળા પોલીસે હાથ ધરેલી તપાસમાં ડમી પરીક્ષાર્થી અને ધોરણ ૧૦ ની બોગસ રસીદના મામલે સિહોર તાલુકાના અગિયાળી ગામના મહેન્દ્ર શિવશંકર પંડ્યા અને આશિષ જેરામ લાધવા તેમજ દેવગાણા ગામના રાજેન્દ્ર રાઘવજી બારૈયા નામના શખ્સની ધરપકડ કરી બોગસ રસીદ તેમજ ડમી પરીક્ષાર્થીના મામલાની ઉંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે. તપાસ પૂછપરછ દરમિયાન બોગસ રસીદોનું સૌથી મોટું કૌભાંડ હાથ લાગે તેવી શંકાઓ દેખાઈ રહી છે સમગ્ર મામલે પોલીસ સઘન તપાસ ચલાવી રહી છે જેની વચ્ચે શિક્ષણ જગતમાં વધુ ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે.

# સુરતમાં ભાણકી પર મામાનું દુષ્કર્મ

(એ.આર.એલ) બારડોલી,તા.૮

સુરત કામરેજનાં ખોલવડમાં સમાજને કલંકિત કરતી ઘટના બની છે. મામા ભાણેજનાં સબંધને લજવતી ઘટના બનતા કોના પર વિશ્વાસ કરવો એ એક પ્રશ્નાર્થ ઉભો થયો છે. સુરત ખાતે રહેતી બહેન પરિવાર સાથે કામરેજના ખોલવાડ ખાતે આવી હતી. મળસ્કે મામાએ સુતેલી ભાણકીને શારીરિક અડપલાં કરી બળાત્કાર ગુજાર્યો હતો. જે અંગે માતા પિતાને જાણ કરતા કામરેજમાં પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે વાસનાભૂખ્યા મામાની ધરપકડ કરી છે.











